
હક ફરીદ ૭૮૬/૯૨ યા ફરીદ

# ગુલશને ફરીદી

મૌલાના ફરીદ ★ દુરવેશ ફરીદ ★ હાજી ફરીદ(રહેમતુલ્લાહ અલયહ) ★ ખ્વાજા ફરીદ ★ શેખ ફરીદ ★ બાબા ફરીદ ★





તસ્વીરે દરગાહ શરીફ
હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર
રહમતુલ્લાહ અલયહ
પાક. પટ્ટન

-: સંપાદક :-
પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદીન "મુહિબ" કાદરી
મુ. રૂપાલ તા. બાવલા, જી. અહમદાબાદ

-: પ્રકાશક :-
બઝમે ચિશ્તી ફરીદી, અહમદઆબાદ વ વઢવાણ

# ગુલશને ફરીદી








દરબારે ખ્વાજા ઉસ્માન હારૂની (મક્કા)


હઝરત અલી શેરે ખુદા (નજફ)


ખ્વાજા ગરીબનવાઝ (અજમેર)


ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી (દિલ્હી)


હઝરત શાહ ફતેઉલ્લાહ (ઉસ્માનપુરા, અમદાવાદ)


બાબાફરીદ ગંજેશકર (પાકપટ્ટન)


હઝરત શાહ મુહિયુદ્દીન (ઉસ્માનપુરા, અમદાવાદ)


આસ્તાના : પીર ઇબ્રાહીમ ઉર્ફે શાહજીમિયાં (જામનગર)

હક ફરીદ ૭૮૬/૯૨ યા ફરીદ

# ગુલશને ફરીદી

★ ખ્વાજા ફરીદ ★ શૈખ ફરીદ ★ બાબા ફરીદ ★ મૌલાના ફરીદ
★ દુરવેશ ફરીદ ★ હાજી ફરીદ(રહેમતુલ્લાહ અલયહ)

-: સંપાદક :-

પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદીન કાદરી "મુહિબ"

મુ.રૂપાલ તા.બાવલા, જી. અહમદાબાદ

-: પ્રકાશક :-

બઝમે ફરીદી

અહમદઆબાદ-વ-વઢવાણસીટી

કિતાબનું નામ : ગુલશને ફરીદી

સંપાદક : પીર સૈયદ દાદામિયાં એસ.કાદરી, રૂપાલ
તા. બાવળા, જી. અહમદઆબાદ.

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૩૦૦૦

પ્રકાશન : શવ્વાલ-હિ.૧૪૩૫

વર્ષ : સપ્ટેમ્બર-ઈ.સ.૨૦૧૪

કિંમત : દુઆએ ખૈર

મુદ્રક : કલીમ ઓફસેટ પ્રેસ, અહમદઆબાદ.

પ્રકાશક : બઝ્મે ફરીદી, અહમદઆબાદ વં વઢવાણસીટી

પ્રાપ્તિસ્થાન : પીરે તરીકત મુશ્તાકઅહેમદ ફર્રુખમિયાં ચિશ્તી ફરીદી
સૈયદવાડ, રાયખડ, અહમદઆબાદ-૧
પીરે તરીકત અહેમદહુસૈન બાવામિયાં ચિશ્તી ફરીદી
ઠે. ધોળીપોળ, ભોંયરામા, મુ. વઢવાણસીટી
જી. સુરેન્દ્રનગર.

## કહાઁ બાબા ફરીદ ઔર કહાઁ સગે ફરીદ !

મારા "મુહિબ" અને મુરબ્બી દાદામીયાં કાદરી સાહેબે મને પ્રસ્તુત પુસ્તક વિશે બે બોલ લખવાના કહ્યાં અને એક એવા વ્યક્તિત્વ ઉપર જે હક ફરીદ છે ! બાબા ફરીદ છે અને મવલાના ફરીદ છે ! આપનો હુકમ એટલે બસ ઉપર છલ્લી નઝર નાંખીને પુસ્તકના અવલોકનની જેમ લખવાનું ના હોય આખીયે પુસ્તક એકાગ્ર મનથી એકલતામાં વાંચી નાંખી અને બાબા ફરીદ વિશે જે વાતો મેં ઉર્દુના પુસ્તકોમાં પણ વાંચવાનો મોકો નથી સાંપડ્યો એ આ પુસ્તકમાંથી સરળ ગુજરાતીમાં જાણવા મળી રહી. પ્રસ્તુત પુસ્તકમાં જનાબ દાદામિયાંએ હીરાની કોથળી આ પુસ્તકમાં ફેંકી દીધી હોય તેમ તેના વૉંચન ઉપરથી એવો અનુભવ થયો આપે જે સંક્ષિપ્તાથી કામ લઈને આવડા નાનકડા પુસ્તકમાં બાબા ફરીદ (રહ.)ની જીવન ઝરમર પ્રસ્તુત કરી છે એ આપની કાબેલિયત અને હુનરની પરાકષ્ટતા છે.

સૈયદ ખાનદાનના નબીરાઓનું એક જ વ્યવસાય છે અને તે છે દાવતો તબલીગ ઈમામ હુસૈન (અલૈહિસ્સલામ)થી લઈને આજ દિવસ સુધી સાચા સૈયદ લોકોનું કાર્ય દુન્યામાં આ જ રહ્યું છે, અને તેઓ સારી રીતે આ કામને અંજામ આપી શકે તેમજ તેમને રોજી-રોટીની ચિંતા સતાવે નહીં માટે ઈસ્લામી દુન્યામાં સૈયદ ખાનદાનોને રાજવીઓ તરફથી ગામ અને કસ્બા ભેંટ સોગાત રૂપ મળતાં અને એ જમીનની આવકમાંથી સૈયદ ખાનદાનોનું જીવન નિર્વાહ થતો હતો. અને આજે પણ કેરેલામાં આ પ્રથા જારી છે. જ્યાં શહેર કે ગામનો અમીર સૈયદ ખાનદાનને દત્તક લઈ લ્યે છે અને તેમનું અને તેમના પરિવારનું તમામ ખર્ચ જે તે સ્પોનસર કરનાર વ્યક્તિ ભોગવે છે ત્યાં સૈયદોને સ્થાનિક ભાષામાં "થંગલ" કહેવામાં આવે છે જેનું મતલબ થાય છે. "સંતપુરૂષ" અને તેના સારા પરિણામો પણ તેઓ મેળવે છે, આજે ભારતભરમાં હિંદુ કે મુસલમાન બંને કોમો શિક્ષણ ક્ષેત્રે જેટલી આગળ છે. તે આખાયે ભારત વર્ષમાં એવી તરક્કી કયાંય જોવા મળતી નથી, તેવી જ રીતે જ્યાં સુધી ભારતમાં રાજવીઓએ વસેલ જમીનના કારણે આર્થિક સ્થિતિ સુધરી જતી તેથી તેઓ દાવત અને તબલીગનું કામ ખુબ જ સરળતાથી કરી શકતાં આજે આપણે એ વ્યવસ્થાને ભુલાવી ચુકયાં છીએ અને સૈયદોને તૃચ્છ નજરથી જોતા થઈ ગયા છીએ. દાદામીયાં કાદરી પાસે આજે કોઈ ગામનું સાલીયાણું નથી આવતું પણ તેઓ આજના યુગમાં ઈસ્લામ અને કૌમની ખિદમત એ જ અંદાજથી કરી

રહ્યાં છે. જે અંદાઝોમાં તેમના વડવાઓએ અને બુઝુર્ગોએ કરેલ.

ચિશ્તીયા સીલસીલામાં બાબા ફરીદ (રહ.)નું નામ પ્રથમ પાંચમાં આવે છે અને આપનું કલામ, સાહિત્ય ઉપરની પક્કડ તેમજ હૃદય સોંસરે ઉતરી જાય તેવી આપની પંજાબી શાયરી શીખ-મુસ્લિમ દરેકના ઘરમાં એક આગવી હેસિય્યતથી બિરાજમાન છે. આટલું મહત્ત્વ બીજા નંબરે બુલ્લે શાહ સાહેબ (રહ.)નું આવે છે. બાબા ફરીદ (રહ.)ની ફના ફીશ શૈખ (પીરભક્તિ)થી લઈને તેમના વફાત સુધીનું જે વર્ણન છે તે વાંચકને છેક સુધી એટલે પુસ્તકના સમાપન સુધી જકડીને રાખે છે. પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે પ્રથમ ઉતરાર્ધમાં આપની જીવનકથા છે અને છેલ્લાં ઉત્તરાર્ધમાં બાબા ફરીદના વંશજો ઉપર માહિતી નાંખે છે. અને દાદામીયાંની કુનેહ અને ખંત છે કે તેમણે અહમદાબાદ સ્થિત તેમના હયાત અવલાદ સાથેના તાર મેળવી દીધા છે અને સૌથી વિશેષ ધ્યાન આકર્ષે તે એ બાબત છે કે દાદામીયાંના વાલેદાહ(માતા) જનાબા તમીઝુન્નીસાનું નામ બાબાના શજરાહમાં શામેલ છે.

પુસ્તકની સાથે હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી લઈને, હઝરત ઉમર ફારૂક (રદિયલ્લાહો અન્હો)અને તે પછી તેમના વારસોને છેક પ્રસ્તુત દાયકામાં તેમની ખિદમતો અને મુસ્લિમ કૌમ પર શું એહસાન છે તેનું વિવરણ આ નાનકડો પુસ્તક વાંચવાથી બધી જ માહિતી મળી રહે છે.

અત્રે આ બે બોલ લખતાં પહેલાં મેં ઈન્ટરનેટ ઉપર બાબા ફરીદ(રહમતુલ્લાહ અલયહ) વિશે થોડુંક રીસર્ચ કર્યું અને તેના પ્રતિસાદરૂપે મને મૌલાના મુખતાર શાહ નઈમી જે હાલમાં અમેરિકામાં મુકીમ છે અને બુઝુર્ગોના હાલાત ઉપર તેમણે એક વીડીયો વ્યાખ્યાન માળા યુ-ટ્યુબ નામની વેબસાઈટ ઉપર રજુ કરેલ છે જેમાં (૫૩)માં ક્રમ ઉપર આવે બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ)નો વિષય પસંદ કર્યો છે અને આશરે ૧:૩૦ કલાકના આ બયાનમાં કેટલીક અન્ય રસપ્રદ વાતો પણ જાણવા મળી જેને આ નાનકડા લેખમાં પ્રસ્તુત કરવી અશ્કય છે પણ જેને આ બાબતે રૂચી હોય તેઓ યુ-ટ્યુબ ઉપર વાઈટ સ્ટોન ૭૮૬ લખીને સર્ચ કરશે ત્યારે આખીંયે વ્યાખ્યાનવાળા હાજર થઈ જશે.

આ સંદર્ભે જનાબ મુખતાર શાહ નઈમી સાહેબ બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ) જ્યારે હાંસીથી અજોધન હિજરત કરે છે લોકોની ચાહનાથી તેમને ઈબાદતનો વખત ન મળવાથી કેમ કે આપની ગાથા એટલી હદે દેશ-દેશાવર

સુધી વિખ્યાત થઈ જાય છે કે આપની ''ખિલવત''એકલતા સમાપ્ત થઈ જાય છે માટે આપ કૂચ કરે છે અજોધનની તરફ જે હાલમાં પાડોશી મુલ્કમાં છે અને હવે તે શહેર પાક પટ્ટનના નામથી પ્રખ્યાત છે ત્યાં તેઓ ચિલ્લાએ માકૂસ (કુવામાં ઊંધા લટકીને કરાતી એક ખાસ પ્રકારની ઈબાદત) સમાપ્ત કરે છે તે પશ્ચાત સ્થાનિક હિંદુ પંડીતો તેમની વધતી જતી ખ્યાતિના કારણે વિરોધી થઈ જાય છે ત્યારે એક ઘટના ઘટે છે અને તેની અસર ત્યાંના અજોધનના જીવન ઉપર ખુબ જ વધારે થાય છે અને ફરી એકશ્વરવાદવાળા લોકો તેમની તરફ આર્કષાય છે અને તેમના હાથ ઉપર ઈસ્લામ કબુલ કરે છે, વિગત કાંઈક આ પ્રમાણે છે.

''પાક પટ્ટનમાં જોગીઓ અને પંડીતોનો કબજો હતો અને તેમનો જીવન નિર્વાહ તે સમયે ગાય-ભેંસ એ આવકનો મુખ્યસ્ત્રોત હતો, હવે બન્યુ એમ કે એક દિવસ કેટલાક દિવસ વિતી ગયા એક પંડીત પાસે દૂધ ન પહોંચ્યું એટલે જે તેને દૂધ પહોંચાડતી હતી તે વૃદ્ધાને સંદેશો મોકલાવ્યો પેલા પંડીતે કે જલ્દી દૂધ પહોંચાડ નહીં તો પછી પરિણામ માટે તૈયાર રહેજે, જુઓ પછી કઈ રીતે સાપ આવીને તારા બધાં જાનવર મારી નાંખું છું એટલે પેલી વૃદ્ધા જે બરાબર ચાલી પણ શકતી ન હતી તે ખુબ જ તકલીફ ઉઠાવીને પેલા પંડીતને દૂધ આપવા જાતે ચાલીને જાય છે, રસ્તામાં આ હાલત જોઈને બાબા ફરીદ પેલી ઘરડી સ્ત્રીને પૂછે છે કે કેમ બી આ ઉંમરે આટલી તકલીફ ઉઠાવી રહ્યા છો ? ત્યારે તેણી આખો કિસ્સો કરી સંભળાવે છે, બાબા કહ્યું કે જ્યારે અલ્લાહનો ડર હૃદયમાં ઉતરી જાય છે તે પશ્ચાત બધાં જ ડરો જતાં રહે છે, પેલી ઘરડી સ્ત્રીને બાબાની વાતો ખુબ જ મીઠી લાગી માટે તે ત્યાં જ બેસી ગઈ એટલામાં પેલા જોગીનો પિત્તો ગયો તેણે બે ચેલા મોકલ્યાં કે જુઓ દુધ લઈને એટલી વાર કેમ થઈ આ ડોશીને અહીં પહોંચતા હવે જ્યારે બે ચેલા તેને શોધતાં શોધતાં બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ) પાસે જ્યાં ડોશીમાં બેઠા હતાં ત્યાં આવી પહોંચ્યા, અને ડોશીને કહ્યું કે, તું અહીં શું કામ બેઠી છે, ત્યારે બાબાએ પેલા બે ચેલાઓને કહ્યું કે ઝુલ્મથી બીજાની રોઝી કેમ છીનવો છો ? તેમણે એટલાં મીઠા અંદાજમાં કહ્યું પેલા બે ચેલાઓને કે તમે પેદા થયાં હતાં ત્યારે દૂધ કોણે આપ્યું હતું, જ્યારે તમે નાના હતાં અને જ્યારે હાથ-પગ પર હલાવી શકતા નહતાં ત્યારે દૂધ કોણે આપ્યું હતું તેમણે કહ્યું કે અમારી માતાએ, ત્યારે બાબાએ જણાવ્યું કે તે વખતે તમોએ જરા પર જબરદસ્તી કરી હતી ચેલાઓએ જવાબ આપ્યું ને નહીં ત્યારે બાબાએ ફરમાવ્યું કે તમે આ ડોશીના ઉપર જુલ્મ કરીને શું કામ દૂધ હાંસલ કરો છો ? જ્યારે નાનપણમાં તમોને દૂધ પહોંચાડેલ તો

એજ અલ્લાહ તમોને આજે પણ પહોંચાડશે, હવે સમય વિતતો ગયો અને પેલી વૃદ્ધા સ્ત્રી ન પહોંચી.સમયસર અને તેની તલાશમાં નીકળેલા ચેલા પણ ગુમ એટલે પંડીત પોતે જાત તપાસમાં નીકળે છે અને રસ્તામાં શું જુએ છે કે ડોશી અને બે ચેલાંઓ બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ) પાસે બેઠા છે. ક્રોધથી લાલ પીળો થઈ ગ્યો આ નજારો જોઈને તે પંડીત તેણે ગુસ્સામાં કે હું મારા મંત્રની તાકાતથી તમો બધાંને ભસ્મ કરી દઈશ, એટલે બાબા ફરીદ(રહમતુલ્લાહ અલયહ) કહ્યું કે જા પડ મંત્ર જેટલું હશે બસ પછી શું પેલાં મંત્ર ભુલી ગ્યો અને બેહોશ થઈ ગયો જ્યારે ભાનમાં આવ્યો ત્યારે પેલાં પંડીતને થયું કે બાબા કોઈ જાદુગર નથી પણ મોટા સંતપુરૂષ છે, માટે તે તેમના પગે પડી જાય છે, બસ પછી શું પેલા બે ચેલાંઓ અને તે પછી આખોયે અજોધન ફતેહે અને આવી અખલાકની તલવારથી જીત્યું અજોધન જે ભારતીય ઉપખંડમાં જે માન-મર્તબો દાતા ગંજબખ્શ લાહોરી (રહમતુલ્લાહ અલયહ), ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (રહમતુલ્લાહ અલયહ), બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ) તેમજ ખ્વાજા નિઝામુદ્દીન અવલીયા(રહમતુલ્લાહ અલયહ)નો છે. તેને કદાપી કયામત સુધી ગ્રહણ લાગી શકે તેમ નથી. રોજ બરોજ આ ખ્વાજગાંની તાલીમથી લોકોના હૃદય ઘાયલ થતાં રહે છે અને આજે પણ એજ તાકાત, મીઠાશ અને લોકપ્રિયતા તેમની તાલીમ અને સંદેશમાં છે, જે લોકોને ખુદાની નજદીક કરે છે."

આટલા મહાન વ્યક્તિ ઉપર મુઝ નાચીઝને દાદામીયાં કાદરીએ બે બોલ લખવાનો મહત્ત્વ આપ્યો તેના માટે હું તેમનો ઋણી છું નહીં તો હું તો આ ખ્વાજા સાહેબોના દરબારમાં તેમના દ્વારના શ્વાન તરીકે પણ જગ્યા મળી જાય તો અહો ભાગ્ય ! અને દોમ દોમ સાહયબી કહેવાય મારી તુચ્છતા અને ગુનાઈત વજુદથી હું બરોબર વાકેફ છું છેલ્લે એ વાત ઉપર કલમ અટકી જાય છે કે કહાં બાબા ફરીદ (રહમતુલ્લાહ અલયહ) ! અને કહાં આ સગે (શ્વાન) ફરીદ (રહમતુલ્લાહ અલયહ)

**ખાકપાએ અવલીયા,**
**ઉસ્માન હાજી એહમદ કુરેશી**
**(તંત્રી, 'આમીન' માસિક, અહમદાબાદ)**
**૩, રમઝાનુલ મુબારક, ૧૪૩૫**
**રાત્રીના ૨:૦૦ વાગે**
**અંગ્રેજી તારીખ : ૨જી જુલાઈ, ૨૦૧૪**

૭૮૬/૯૨

# બે બોલ

નહમદુહુવનુસલ્લીઅલા રસૂલેહિન્ન નબિય્યીલ કરીમ
વાત આરંભુ છું લઈને એનું નામ
જેની બરકતથી ન અટકે કોઈ કામ
છે દયાળુ ને કૃપાળુ એ ખુદા
એના પયગમ્બર ઉપર લાખોં સલામ

માનવમાત્ર નમુના (આદર્શ)નો મોહતાજ હોય છે. આપ મેળે એ કંઈજ કરી શકતો નથી. જ્યાં સુધી તેની સમક્ષ કોઈ શ્રેષ્ઠ આદર્શ (ઉત્તમ નમુનો)ના હોય ત્યાં સુધી એ અધુરો છે. અપૂર્ણ છે.

ડૉકટર બનવા માટે માણસ ડૉકટરની ડીગ્રી (પદવી) તો મેળવી લે છે પણ જ્યાં સુધી એક કાબેલ ડૉકટરના માર્ગદર્શન નીચે કામ ના કરે ત્યાં સુધી પોતે પોતાનું સ્વતંત્ર દવાખાનું ચલાવી શકતો નથી.

વકીલ બનવા માટે માણસ વકીલાતનો અભ્યાસ કરીને વકીલની ડીગ્રી (પદવી) મેળવી લે છે પણ જ્યાં સુધી કોઈ નિષ્ણાત વકીલની રહેબરીમાં વકીલાતનું કામના કરે ત્યાં સુધી એક સારા વકીલ તરીકે ખ્યાતી મેળવી નથી શકતો.

સારાંશ ફકત ડીગ્રી પદવી કે સનદ મેળવી લેવાથી પુરૂ થઈ જતું નથી જ્યાં સુધી જે તે વિષયના નિષ્ણાત-પરિપૂર્ણ ઉસ્તાદ(ગુરૂ)ની આજ્ઞાપાલન કરવામાં ના આવે. એટલે દરેક માણસ માત્રને ગુરૂ (ઉસ્તાદ-પીર)ની જરૂરત છે જ તેમાં કોઈ શંકા નથી.

આપણે જો અલ્લાહ તઆલાના આદર્શ બંદા (નમુનારૂપ બંદા) બનવા ચાહતા હોઈએ તો ફકત કલ્મો પઢી લેવાથી કામ નહીં ચાલે. તેના માટે તો અલ્લાહ તઆલાના નેક મુત્તકી સંપૂર્ણ મોમીન બંદાની રહેબરી સ્વીકારવી પડશે. અલ્લાહ તઆલાના નજીક પહોંચેલાઓમાંથી કોઈ એકને પોતાનો પીર, ગુરૂ, ઉસ્તાદ બનાવવો જ પડશે. આ સત્ય બાબતનો ઈન્કાર મોમીન (મુસલમાન) તો કદી કયારેય કરી જ ન શકે.

ઈસ્લામ માનવીની દુનિયા અને આખેરતની ભલાઈ (કલ્યાણ) ચાહનાર દીન (ધર્મ) છે. માનવજાતની ભલાઈ માટે તેના કલ્યાણ અર્થે માનવરૂપમાં જ પયગમ્બરોને ધરતી પર મોકલ્યા જેમણે અલ્લાહનો પયગામ તેના બંદાઓ

સુધી પહોંચાડયો અલ્લાહના જે બંદા પયગમ્બરોના આદેશને માન આપીને તેનો સ્વીકાર કરી લેતા તેઓ દુનિયા અને આખેરતમાં સફળ થઈ જતા અને જેઓ ઈન્કાર કરતા તેઓ બન્ને જગતમાં નિષ્ફળ થતા અને અઝાબો ભોગવતા આ ક્રમ પ્રથમ પયગમ્બર હઝરત આદમ અલયહિસ્સલામથી લઈને હઝરત ઈસા (અલયહિસ્સલામ) સુધી અવિરત ચાલતો રહ્યો.

પયગમ્બરોના ચાલ્યા ગયા પછી લોકો ગુમરાહ (પથભ્રષ્ટ) થઈ જતા. અલ્લાહ તઆલાની રહેમત જોશમાં આવી હવે તેણે એક એવા પયગમ્બરને પસંદ કર્યા જે દરેક રીતે માનવ જાતની રહેબરી કરવા સક્ષમ હોય તેમની રહેણી-કરણી અને વાણી માનવમાત્રને પોતાનો બનાવી દે તેવી હોય તેમના ઉચ્ચ સંસ્કાર અને સેવાના કાર્યો વડે માનવીના હૃદયમાં આદરપાત્ર વ્યક્તિ બની જાય, દુશ્મનને પણ આ પયગમ્બર સાચા છે એવું કહેવા મજબુર થવું પડે. એવા નબી એટલે અલ્લાહના અંતિમ નબી પરિપૂર્ણ પયગમ્બર સકળ બ્રહ્માંડ કાજે દયાના સાગર સર્વ સૃષ્ટિઓ માટે કૃપાનો દરિયો, હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને આખરીનબી બનાવીને મોકલ્યા. જેના માટે કુર્આનની સુરે અહઝાબની આયત-ફરમાને ઈલાહી છે કે, "મા કાન મોહમ્મદુન અબા અહદીમ મીર રેજાલેકુમ વલા કીર રસૂલલ્લાહ વ ખાતમન્નબીય્યીન" (અર્થ:મોહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ (પિતા) નથી. હા તેઓ અલ્લાહના રસૂલ છે. અને નબીઓમાં સૌથી છેલ્લા (અંતિમ)નબી છે.)

સ્વાભાવિક છે કે જે છેલ્લે આવે તે ખરેખર સંપૂર્ણ હોય. હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમામ ખુબીઓના ખજાના હતા. અલ્લાહ તઆલાએ આપને એવા પરિપૂર્ણ નબી બનાવીને મોકલ્યા કે હવે કયામત સુધી બીજા કોઈ નબીની જરૂર જ ન પડે. આપ જે દીન (ધર્મ) લાવ્યા તે ઈસ્લામ પણ સંપૂર્ણ અને અલ્લાહ તઆલાનો પસંદ કરેલ ધર્મ છે. કુર્આને પાકની સુરે આલે ઈમરાનમાં ફરમાવ્યું કે, ઈન્નદદીન ઈન્દલ્લાહીલ ઈસ્લામ (અર્થ :- નિ:શંક અલ્લાહ તઆલાના નજીક દીન (ધર્મ)તો ફકત ઈસ્લામ જ છે.) એટલે જે નબી આવ્યા તે સંપૂર્ણ નબી આવ્યા અને તે જે દીન લાવ્યા તે પણ અલ્લાહ તઆલાનો પસંદ કરેલ દીન એટલે સંપૂર્ણ દીન લાવ્યા અને આપ જે કિતાબ (પુસ્તક) લાવ્યા તે પણ સંપૂર્ણ છે. તેમાં પણ કોઈ કમી કે ખામી નથી એટલે કુર્આને પાક જેના માટે સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે, ઝાલેકલ

કિતાબો લા રૈબ ફીહ''(સુ.બકરહ) (અર્થ :- આ અલ્લાહ તઆલાની કિતાબ (કુર્આન)માં કોઈ શંકા નથી.)

માનવજાતની દુનિયા અને આખેરત (આલોક અને પરલોક)ની ભલાઈવાળો ધર્મ (ઈસ્લામ) તેની સત્યતાના કારણે જોતજોતામાં જ સમગ્ર વિશ્વમાં વ્યાપક થઈ ગયો. ઈસ્લામની તબ્લીગ (પ્રચાર)નું કામ પુરૂ થઈ ગયું ત્યારે એક સંપૂર્ણ મઝહબ ઈસ્લામ (સંપૂર્ણ માનવ જીવન વ્યવસ્થા) અને એક સંપૂર્ણ કિતાબ કુર્આન (માનવ જીવન બંધારણ) આપીને અલ્લાહ તઆલાના આખરી નબી હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ નાશવંત જગતથી વિદાય લીધી.

હવે ઈસ્લામના પ્રચારની અને મુસલમાનોને હિદાયત પર કાયમ રાખવાની જવાબદારીનો સવાલ ઊભો થયો. કારણ કે હવે કયામત સુધી કોઈ નબી આવવાના નથી તો આ સમસ્યાના ઉકેલ માટે અલ્લાહ તઆલાએ જ કરમ ફરમાવી દીધો નબુવ્વતનો ફૈઝાન વિલાયતમાં તબદિલ કરીને કયામત સુધી વિલાયતનો અવિરત સિલસિલો શરૂ કરી દીધો.

વિલાયતના માધ્યમથી ઔલિયાએ કિરામ એ ખિદમત અંજામ આપવા લાગ્યા જે નબુવ્વતના માધ્યમથી નબીઓ આપતા હતા. અલ્લાહની ઓળખ (મારફતે ઈલાહી) અને એકેશ્વરવાદ (તૌહીદ) હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહ તઆલાના સાચા રસૂલ હોવાનો સંદેશ, ખિદમતે ખલ્ક (માનવસેવા) કુર્આન અલ્લાહની કિતાબ હોવાનો આદેશ વિગેરે પાયાની વાતોનો પ્રચાર શરૂ થયો. કુર્આન અને સુન્નતના આચરણમાં જ માણસનું કલ્યાણ છે. શ્રેય છે, ભલાઈ છે. આલોક અને પરલોકમાં સફળતા છે.

ઈસ્લામનો પયગામ દુનિયાના ખુણાં ખુણાં સુધી પહોંચાડવા માટે ઔલિયા અલ્લાહ જે તે મુલ્ક (પ્રદેશ)માં અપાર કષ્ઠો વેઠીને પહોંચી જતા માનવજાતની સુધારણાનું અતિ ભગીરથ કાર્ય પાર પાડતા. અપમાન સહન કરતા. ભુખ્યા રહેતા, પગપાળા પ્રવાસ ખેડતા, સમયસર ઈબાદત (બંદગી) અદા કરતા અને પોતાની ફરજ અદા કરવાનો સંતોષ માનતા એજ વલી અલ્લાહની મહેનત અને જદ્દો જેહાદનું પરિણામ એ આવ્યું કે, આખાય વિશ્વમાં ઈસ્લામ ધર્મ પહોંચી ગયો. ''અલ્લાહો અકબર''ની સદાઓ દુનિયાની દશે દિશામાં બુલંદ થવા લાગી. ઈતિહાસ સાક્ષી છે કે કોઈ બાદશાહ (સત્તાધિશે) ઈસ્લામનો પ્રચાર નથી કર્યો ઈસ્લામની સાચી તબ્લીગ અલ્લાહના દોસ્તો (ઔલિયાઓ)

એટલે સુફી લોકોની મહેનતથી થઈ છે.

સુફીઓ એટલે ઔલિયા અલ્લાહનું જીવન પયગમ્બરે ઈસ્લામના ફરમાનો અને સુન્નતોના આચરણોથી ઝગમગતુ ઉમદા ઉદાહરણ હતું જે કોઈ તેઓની સોહબત (સંગત)માં જઈ ચડતો તે તેમના આદર્શને જોઈને જ તેમનો બની જતો સુફીવાદના પ્રવકતાઓના સુસંસ્કારી સેવામય ભક્તિસભર જીવન પદ્ધતિથી પ્રભાવિત થયા ઈસ્લામ પ્રત્યે આકર્ષાયા અને મુસલમાન બનવા લાગ્યા.

સુફીવાદ (તસવ્વુફ)માં મુખ્ય ચાર સિલસિલા (પંથ) છે. (૧) કાદરી (૨) ચિશ્તી (૩) સોહરવર્દી (૪) નકશબંદી આ ચારે સિલસિલા સાચા છે. ચારમાંથી કોઈ પણ એકનો માર્ગ અપનાવવો સુન્ની મુસલમાન માટે જરૂરી જ નહીં અનિવાર્ય છે. ભારતમાં ઈસ્લામના પ્રચાર માટે ચારે સિલસિલાના સુફીઓનું પ્રદાન રહેલું છે પણ સૌથી વધુ ખ્યાતિ ચિશ્તી સિલસિલાની જોવા મળે છે.

હઝરત ખ્વાજાએ ખ્વાજગાન મોઈનુદ્દીન હસન ચિશ્તી, સંજરી, અજમેરી રહમતુલ્લાહ અલયહની તબ્લીગી સેવા પરિચયની મોહતાજ નથી. સુફીવાદના માધ્યમથી જ આપે ભારતમાં દીન (ધર્મ)નો પ્રચાર કર્યો મુરીદો (શિષ્યો) અને ખલીફાઓ (ગાદીવારસો)ને સુફીવાદની રીત અપનાવવા આદેશ આપ્યો. આપણે જાણીએ છીએ કે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી, અજમેરી રહમતુલ્લાહ અલયહે પોતાના મુખ્ય ગાદી વારસદાર તરીકે મહાન સુફી, દુરવેશ હઝરત ખ્વાજા કુતુબુદ્દીન બખત્યાર કાકી રહમતુલ્લાહ અલયહની નિમણૂક કરી હતી. ખાનકાહ (આશ્રમ)ની સ્થાપના કરવી. ખિદમતે ખલ્ક(માનવસેવા)ના કાર્યો વડે ઈસ્લામનો પ્રચાર કરવા આદેશ આપેલા.

હઝરત ખ્વાજા કુતુબુદ્દીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહે પોતાના રૂહાની વારસદાર તરીકે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મસઊદ ગંજેશકર અજોધની(પાક પટની) રહમતુલ્લાહ અલયહની પસંદગી કરી અને ખરેખર આ કામ એટલું મહત્વનું હતું કે, હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહે ચિશ્તીયાહ સિલસિલાને ચાર ચાંદ લગાવી દીધા. હઝરત શૈખ ફરીદ ગંજ શકર રહમતુલ્લાહ અલયહે મુસલમાનોની સુધારણા અને ઈસ્લામની તબ્લીગ માટે એક વ્યવસ્થિત આયોજન કર્યું. પોતાના ચુનંદા ખલીફાઓને જવાબદારી સોંપી જુદા જુદા પ્રદેશોમાં તેમને મોકલી દીધા. ખંત અને લગનથી

મહેનત કરીને ઝહેમત ઉઠાવીને બાબા ફરીદ રહમતુલ્લાહ અલયહે ઈસ્લામની તબ્લીગ અને ચિશ્તીયા સિલસિલાની પ્રવૃત્તિઓને વેગવંતી બનાવી દીધી જેના થકી તબ્લીગી કાર્ય પ્રગતિ કરવા લાગ્યું જોતજોતામાં જ હઝરત બાબા ફરીદ ગંજ શકર રહમતુલ્લાહ અલયહની બોલબાલા થઈ ગઈ. આપના ખ્યાતનામ ખલીફાઓની મહેનતથી ચિશ્તીયા સિલસિલો ૩ શાખાઓમાં વહેંચાઈ ગયો (૧) શૈખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી દહેલવી રહેમતુલ્લાહ અલયહથી જે સિલસિલો ફેલાયો તે ચિશ્તીયા નિઝામીયા તરીકે ખ્યાતનામ છે. (૨) જે હઝરત અલીઅહમદ અલાઉદ્દીન સાબીર પીયા કલીયરી રહેમતુલ્લાહ અલયહથી છે તે ચિશ્તીયા સાબીરિયા તરીકે ખ્યાતી ધરાવે છે અને (૩) હઝરત શૈખ બદરૂદ્દીન સુલૈમાન રહમતુલ્લાહ અલયહથી નિસ્બત ધરાવે છે તે ચિશ્તીયા બદરીયા તરીકે પ્રખ્યાત છે.

હઝરત શૈખ બદરૂદ્દીન સુલૈમાન રહેમતુલ્લાહ અલયહ જે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકર રહેમતુલ્લાહ અલયહના ફરઝંદ (પુત્ર) અને ખલીફા અને ગાદી વારસ છે. તેમનાથી ચિશ્તીયા બદરીયાની શાખાએ દીન અને કૌમની ઘણી જ સેવા બજાવી છે.

હઝરત બાબા ફરીદદ્દીન ગંજેશકર પાકપટની રહેમતુલ્લાહ અલયહના ફરઝંદ અને ખલીફા હઝરત શૈખ બદરૂદ્દીન સુલૈમાન રહમતુલ્લાહ અલયહની ઔલાદ (વંશ)માં એક બુઝુર્ગ હઝરત શાહ ફતેહઉલ્લાહ રહમતુલ્લાહ અલયહ પાકપટ્ટનથી અહમદાબાદ આવીને વસ્યા એટલે બદરીયા શાખાની એક પેટા શાખા અહમદાબાદ સુધી પહોંચી અને ત્યારબાદ તેમના વારસદારોએ આ ચિશ્તીયા ફરીદીયા બદરીયા સિલસિલાને ગુજરાતમાં ભાલપ્રદેશ, ઝાલાવાડ અને સૌરાષ્ટ્ર તેમજ મુંબઈ સુધી ફેલાવ્યો છે. આ ખાનદાનમાં ક્રમેક્રમે નામવર બુઝુર્ગો થયા છે જેમણે પીરી મુરીદીના માધ્યમથી પોતાના પૂર્વજોની જેમ દીને ઈસ્લામની ખિદમત આજ પર્યંત જારી રાખી છે. આ નાનકડી પુસ્તિકામાં સિલસિલાએ ચિશ્તીયા ફરીદીયા બદરીયાનો આછો પરિચય આપવાનો એકમાત્ર આશય છે. જે વાંચક વર્ગને ગમશે તેંવી ઉમ્મીદ છે. મારા (સંપાદકના) અમ્મા (માતા) તમીઝુન્નીશાં પણ ફરીદી ખાનદાનની દિકરી છે. આ સંબંધે જ મને આ કિતાબ લખવા પ્રેરણા અર્પી છે. માનવ માત્ર ભુલને પાત્ર વાળી ઉક્તિ ધ્યાને લઈ ક્ષતિને ઉદાર દિલથી સુધારી લેશોજી.

**ફક્ત વસ્સલામ, સૈયદ દાદામિયાં એસ.કાદરી, રૂપાલ**

**અલા ઈન્ન ઔલિયા અલ્લાહે લા ખૌફુન**
**અલૈહિમ વલા હુમ યહઝનૂન (અલ-કુર્આન)**
**(અર્થ :- ખબરદાર ! નિઃશંક અલ્લાહના દોસ્તો (વલીઓ) ને કોઈ બીક (ડર) નથી અને તેમને કોઈ ગમ (ચિંતા) પણ નથી.)**

યાદ રાખો જો હંય ઈસ દુનિયા મેં ખાસાને ખુદા
ખૌફ હૈ ઉન્કો ન વોહ મહેશરમેં હોંગે ગમઝદા

## -: શાને ફરીદી :-

પા ગએ અપને રબ સે ઈન્આમ વોહ બાબા ફરીદ
બન ગએ સબ ઝાહીદોં કે ઈમામ વોહ બાબા ફરીદ
કેહ દિયા નમક કો શકર, તો હો ગઈ વોહ શકર
કર ગએ ઝુબાં સે ઐસા કલામ વોહ બાબા ફરીદ

અલ્લાહ અલ્લાહ પ્યારા નામ બાબા ફરીદ
મુશ્કિલ મેં આતા હૈ સબકે કામ બાબા ફરીદ
લાએગી રંગ હશ્રમેં ઉનકી ઉલ્ફત "મુહિબ"
ઝિક્ર કર તુ ઉન્કા સુબ્હો શામ બાબા ફરીદ

બાબા ગંજેશકર મેરી ઝોલી કો ભર
ગમઝદા યે સુનાને પયામ આ ગયા
દે નિઝામ ઔર સાબિરકા સદકા મુઝે
તૂ સખી હૈ તેરા સુનકે નામ આ ગયા

દૂર ઈક પલમેં સારી ગરીબી હુઈ
મેરે બાબા કી કયા શાન હૈ વાકઈ
જબ ગરીબોંને બાબા સે ફરિયાદ કી
મેરા બાબા ગરીબોંકે કામ આ ગયા.

હુશ્ને બાબા મેં હૈ જલ્વએ મુસ્તફા
ઈસ લિયે વકત દિદાર ઐસા હુવા
મૈંને બાબા કો દેખા તો બે સાખતા
મેરે લબ પર મોહમ્મદ કા નામ આ ગયા.

નામ સે અલ્લાહ કે કરતા હું આગાઝે બયાં
જો બળા હી રહમવાલા હૈ, નિહાયત મહેર બાં

## હઝરત બાબા શૈખ ફરીદુદ્દીન મસઊદ ગંજેશકર
## અજોધની-પાક પટની રહમતુલ્લાહ અલયહનું
## સંક્ષિપ્ત જીવન ઝરમર

**જન્મ અને ખાનદાન :-** હઝરત બાબા ફરીદુદ્દીન રહેમતુલ્લાહ અલયહનો જન્મ પાકિસ્તાનમાં આવેલ કોટવાલ (જી.મુલતાન)માં હી.સ.૫૮૪માં વલીએ કામીલ હઝરત શૈખ જમાલુદ્દીન સુલૈમાન ફારૂકી રહમતુલ્લાહ અલયહના ઘરમાં થયો. બાબા ફરીદ ગંજે શકર રહમતુલ્લાહ અલયહના વાલિદ (પિતા)નું નામ શૈખ જમાલુદ્દીન સુલૈમાન અને વાલિદા (માતા)નું નામ કુરહમ ખાતુન છે. જે મુલ્લા વજીહુદ્દીનની દિકરી હતી. બાબા ફરીદ ગંજશકરના પિતા શૈખ જમાલુદ્દીન સુલૈમાન સુલતાન મહેમૂદ ગઝનવીના સગા ભાણેજ થાય છે. આપનું નસબ હઝરત ઉમર ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોને મળે છે તેથી ફારૂકી છે. હઝરત બાબા શૈખ ફરીદ સાહેબના બે ભાઈ અને એક બહેન હતા. એક ભાઈનું નામ શૈખ એજાઝુદ્દીન મેહમૂદ છે. અને બીજાભાઈનું નામ શૈખ નજીબુદ્દીન મુતવક્કીલ છે. જે પોતાના ભાઈ બાબા ફરીદના જ મુરીદ અને ખલીફા હતા. એક બહેન હતા જેમનું નામ બીબી ખાતુન જમીલા છે.

બાબા ફરીદુદ્દીનનું નામ **"મસઊદ"** છે. આપને બાબા ફરીદ શૈખ ફરીદ, મૌલાના ફરીદ, હાજી ફરીદ, દુરવેશ ફરીદ, ખ્વાજા ફરીદ અને હક ફરીદના નામથી પણ યાદ કરવામાં આવે છે. હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહના કેટલાક માનવંતા અલ્કાબ પણ જોઈએ જેથી આપનો રૂહાની દરજ્જો કેટલો બુલંદ છે તે સમજી શકાય (૧) સુલ્તાનુલ આરેફીન (૨) બુરહાનુલ આશેકીન (૩) પેશવાએ અસ્હાબેદીન, (૪) મુકતદાએ અરબાબે યકીન (૫) ગંજે આલમે ઉઝલત (૬) ગંજીનએ સરાએ દૌલત (૭) સરવરે અકલીમે આઝમ (૮) કુત્બુલ અકતાબે આલમ (૯) શૈખે શૈખુલ આલમ વિગેરે.

### શિક્ષણ અને ઉછેર

આપે પ્રાથમિક તાલીમ કોટવાલમાં જ પુરી કરી આપ હાફીઝે કુર્આન અને

આલીમ જય્યદ હતા. આપના ખાનદાનને સુફી પરંપરાની સંસ્કૃતિ અને શાહી ખાનદાન સાથેના સંબંધોના કારણે શાહીખાનદાનના સંસ્કારોનું સિંચન પ્રાપ્ત થયું હતું દીની-દુનિયાવી તાલીમ અને અખ્લાકે સુફીયાનાથી આપની ઝાતે બા બરકાત માલામાલ હતી. તેનાજ કારણે હઝરત બાબા ફરીદ ગંજેશકર રહમતુલ્લાહ અલયહની તબીયતમાં સુફીઓ જેવી નમ્રતા અને સુલતાનો જેવો જલાલ કયારેક જોવા મળતો હતો. આપ મક્કમ મનોબળ ધરાવતા સાચા દુરવેશ હતા.

## શાદી અને ઔલાદ

હઝરત શૈખ ફરીદુદ્દીન મસ્ઊદ ગંજેશકર ફારૂકી રહમતુલ્લાહ અલયહની શાદી સુલ્તાન ગ્યાસુદ્દીન બલબનની દિકરી હાજરા ખાતુન સાથે થઈ આપની ઔલાદમાં ૬ દિકરા અને ૩ દિકરીઓના નામ જાણવા મળે છે. (૧) શૈખ અબ્દુલ્લાહ બયાબાની (૨) શૈખ યાકુબ (૩) શૈખ બદરૂદ્દીન સુલૈમાન (૪) શૈખ શહાબુદ્દીન ઉર્ફ બહાઉદ્દીન (૫) શૈખ નિઝામુદ્દીન (૬) શૈખ નશીરૂદ્દીન અને ૩ દિકરીઓના નામ આ પ્રમાણે છે. (૧) બીબી શરીફા (૨) બીબી ફાતેમા (૩) બીબી મસ્તુરા.

હઝરત શૈખ બદરૂદ્દીન સુલૈમાન રહમતુલ્લાહ અલયહ હઝરત બાબા ફરીદગંજ શકર રહમતુલ્લાહ અલયહના ફરઝંદ અને ગાદીવારસ આપના મુખ્ય ખલીફા છે. આપથીજે રૂહાની સિલસિલો આગળ વધ્યો તે **ચિશ્તીયા બદરીયા** તરીકે ખ્યાતી પામ્યો આ નાનકડી કિતાબમાં એજ સિલસિલાના બુઝુર્ગોની આછી ઓળખ આપવામાં આવી છે.

## પીરની તલાશ

હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર, હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરીયા અને હઝરત શૈખ નજમુદ્દીન કુબરા (રહમતુલ્લાહ તઆલા અજમઈન) આ ત્રણે મુરીદ બનવા માટે તે સમયના મહાન વલીએ કામીલ અને સિલસિલએ સોહરવર્દીયાના ઈમામ હઝરત શૈખ શહાબુદ્દીન ઉમર સોહરવર્દી રહમતુલ્લાહ અલયહની સેવામાં હાજર થવા બગદાદ પહોંચી ગયા. ખાનકાહે સોહરર્વદમાં પ્રવેશ મેળવી મુરીદ થવાની ત્રણે જણાએ ઈચ્છા બતાવી તો હઝરત શહાબુદ્દીન સોહરવર્દી રહમતુલ્લાહ અલયહસે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર

રહમતુલ્લાહ અલયહને મુરીદ બનાવવાની સ્પષ્ટ ના પાડી દીધી ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું કે, "મિયાં ફરીદ ! તમારો હિસ્સો ખાનવાદએ ચિશતીયામાં છે. જાવ તમારા પીર તો દિલ્હીવાળા ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહેમતુલ્લાહ અલયહ છે. અને ત્યારબાદ શૈખ બહાઉદ્દીન ઝકરીયા મુલતાની અને શૈખ નજમુદ્દીન કુબરાને આપે મુરીદ બનાવ્યા. મુરીદ બનાવવાની વિધિ પુરી થઈ પછી આવેલ મહેમાનોને જમવા બેસાડવાની તૈયારીઓ થવા લાગી હઝરત શૈખ શહાબુદ્દીનના ઘરમાં વર્ષોથી ખિદમત અંજામ આપતી જુની નોકરાણી મહેમાનોના હાથ ધોવા માટે પાણીનું વાસણ લઈને હાજર થઈ સૌ પ્રથમ બાબા ફરીદ ગંજશકરના હાથ ધોળા લાગ્યા. તમામ મહેમાનો માટે જે પાણી લાવવામાં આવ્યું હતું તે ફકત એક હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહે અલયહે પુરૂ કરી નાખ્યું અને હાથ ધોવામાં ઘણી વારપણ લગાડી ત્યારે બાદ બીજા બધાએ હાથ ધોયા અને જમવા બેસી ગયા જમ્યા પછી પેલા બન્ને બુઝુર્ગોએ હઝરત બાબા ફરીદને પૂછયું કે અમને એ વાત સમજમાં ના આવી કે આપે હાથ ધોવામાં બધાનું પાણી વાપરી નાખ્યું અને વાર પણ લગાડી તો શું કારણ હતું. જવાબમાં હઝરત શૈખ ફરીદે કહ્યું કે, જે જુની નોકરાણી વરસોથી હઝરત શૈખ શહાબુદ્દીન રહમતુલ્લાહ અલયહની સેવા કરી રહી છે તેનું નામ મેં લૌહે મહેફુઝ પર જહન્નમીઓની સાથે જોયું તો મેં એ વિચાર કર્યો કે આવા મહાન બુઝુર્ગની ખિદમત કરનાર જહન્નમમાં જાય તે યોગ્ય નથી એટલે હાથ ધોવાના પાણીથી મેં તેનું નામ જહન્નમીઓમાંથી ધોઈ નાખ્યું અને જન્નતીઓની સાથે લખી દીધું. એટલે હાથ ધોવામાં વાર લાગી. પેલા બન્ને બુઝુર્ગોએ કશ્ફથી આ હકીકત જાણી તો વાત સાચી નીકળી. સુબ્હાનલ્લાહ ! અલ્લાહના વલીનો અધિકાર તો જુઓ ધરતી પર બેસીને આકાશમાં અનમીટ ફેસલામાં ફેરફાર કરી નાંખે.

હઝરત મૌલાના ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહ મુરીદ બનવા માટે ખ્વાજાએ ખ્વાજગાન હિંદ વલી હઝરત સૈયદ મોઈનુદ્દીન ચિશ્તી, સંજરી, અજમેરી રહમતુલ્લાહ અલયહની સેવામાં હાજર થાય છે. ત્યારે હઝરત ખ્વાજા ગરીબનવાઝ રહમતુલ્લાહ અલયહ એક સુકાઈ ગયેલા વૃક્ષના થડને પીઠ દઈને ટેકો લગાવીને અલ્લાહની યાદમાં બેઠા હતા. હઝરત બાબા ફરીદ

સાહેબના દિલમાં એવો વિચાર આવે છે કે જે સુકા ઝાડને ખ્વાજા ગરીબનવાઝની પીઠથી નિસ્બત હોય એ સુકુ નહીં પણ લીલું હોવું જોઈએ. બસ આટલું વિચાર્યું ત્યા જ એ ઝાડ એકદમ લીલુછમ થઈ ગયું તો ફરીવાર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહે એક નઝર એ લીલા ઝાડ પર કરી કે તરત જ પાછુએ સુકુ થઈ ગયું આ દ્દશ્ય જોઈને બાબા ફરીદ ગંજશકર વિસ્મય પામ્યા અને હીંદના સુલતાન, અતાએ રસૂલ, ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી રહમતુલ્લાહ અલયહએ ફરમાવ્યુંકે, "મિયાં ફરીદ" તમે ફકીરી કરવા આવ્યો છો કે અલ્લાહ તઆલાથી લડાઈ કરવા આવ્યો છે. જ્યારે ઝાડને રબ તઆલા સુકુ રાખવા ચાહે છે તો તમે શા માટે લીલુ કરવા ચાહો છો ફકીરે તો અલ્લાહની મરજીને જ આધિન થવું પડે. જાવ તમે દિલ્હી ચાલ્યા જાવ હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહેમતુલ્લાહ અલયહ પાસે જાવ હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહેમતુલ્લાહ અલયહના મુરીદ બનો તમારો હિસ્સો તેમની પાસે જ છે.

હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી સંજરી અજમેરી રહમતુલ્લાહ અલયહનું ફરમાન માથે ચઢાવી હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજેશકર અજોધની દિલ્હી જવા રવાના થયા અને હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહેમતુલ્લાહ અલયહની પવિત્ર સેવામાં હાજર થયા પણ એ વખતે બાબા કુત્બુદ્દીન સાહેબ મહોલ્લાના છોકરાઓની સાથે રમત ગમતમાં મગ્ન જણાયા. તો એજ વખતે બાબા ફરીદ સાહેબના,મનમાં એવો વિચાર આવ્યો કે પીર તો મલ્યો પણ આ તો છોકરાઓ સાથે રમે છે. બસ એટલી જ વારમાં બાબા કુત્બુદ્દીન કાકી સાહેબ દોડીને પોતાના ઘરમાં જતા રહ્યા અને એક વૃધ્ધ સુફીના લિબાશમાં તશરીફ લાવ્યા. લાંબો ઝબ્બો, માથા પર અમામો, હાથમાં અસા મુબારક, ગળામાં તસ્બીહ ધારણ કરીને હઝરત શૈખ ફરીદ ગંજશકરની સામે ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે 'મિયાં ફરીદ હવે તો પીરને લાયક છું ને' બસ એજ વખતે બાબા ફરીદે આપની કદમબોસી કરી અને ઈરાદતમાં દાખલ થયા.(મુરીદ બની ગયા)

**સોહબતે સાદેકા અને શૈખે કામિલની સેવા**

ઝોહદુલ અંબિયા હઝરત બાબા ફરીદ ગંજશકર પાક પટની રહમતુલ્લાહ અલયહ વિશ્વના મહાન સુફીયાએ કિરામની સોહબતનો ફૈઝ હાંસિલ કર્યો

છે. આપે બગદાદમાં શૈખ શહાબુદ્દીન સોહરવર્દીથી, બુખારામાં શૈખ સૈફુદ્દીન બાખિરઝીથી, બદખ્શાંથી શૈખ અબ્દુલવાહિદથી અને સેવસ્તાનથી શૈખ ઓહદુદ્દીન કીરમાની રહમતુલ્લાહ અલયહ અજમઈનથી રૂહાની ફૈઝ અને તરબીયત પ્રાપ્ત કરી છે.

હઝરત બાબા શૈખ ફરીદ પોતાના પીરો મુર્શદ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહની સેવામાં હાજર હતા અને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી સંજરી દિલ્હી તશરીફ લાવ્યા બાબા કુત્બુદ્દીન કાકીની ખાનકાહમાં પધાર્યો. આપની હાજરીમાં જ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન કાકી રહમતુલ્લાહ અલયહ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકર અજોધની (રહેમતુલ્લાહ અલયહ)ને પોતાની ખિલાફતથી નવાઝી દીધા. પોતાના જાંનશીન જાહેર કર્યા. પોતાનો અમામો (પાઘડી) અસા (લાકડી) કુલહા (ટોપી) વિગેરે તબર્રૂકાત અર્પણ કરી જાહેરી અને બાતેની નેઅમતો અતા કરી દીધી આ જોઈને હઝરત ખ્વાજા ગરીબનવાઝ મોઈનુદ્દીન ચિશ્તી રહમતુલ્લાહ અલયહ ખુબ ખુશ થયા મુબારક બાદ પાઠવી અને બાબા ફરીદ સાહેબના હકમાં દુઆ એ ખૈર ફરમાવી. સુબ્હાનલ્લાહ !

**મકામે ફનાફીશ શૈખ :** રાહે સુલુકમાં પીર (શૈખ)ની ખિદમત (સેવા) ખુબ જ મહત્વ ધરાવે છે. જે મુરીદ પોતાના પીરની જેટલી અને જેવી ખિદમત કરે છે. તેવો જ અજર (બદલો) રાહે સુલુકમાં મુરીદને પ્રાપ્ત થાય છે. રૂહાની ફૈઝ અને બાતીની મર્તબા બુલંદ થાય છે. ગુજરાતના એક સૂફી કવિએ સરસ મજાની વાત કહી છે કે,

**ફનાફીશ શૈખ થાયા વિણ બકાની વાત શું જાણે**
**જેને લાગી નથી દિલમાં, તે દિલની વાત શું જાણે**
**ખુદીમાં ખેલનારા બેખુદીની વાત શું જાણે**
**ન જાણે જાત પોતાની, ખુદાની જાત શું જાણે**

(હદીસે પાકમાં છે "મન અરફ નફસહુ ફકદ અરફ રબ્બહુ" જેણે પોતાની જાત (નફસ)ને ઓળખી તેણે જ રબ (અલ્લાહ)ને ઓળખ્યો.)

હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઉદ ગંજેશકર રહમતુલ્લાહ અલયહે પોતાના પીર વ મુરશદ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ

અલયહની અજોડ ખિદમત કરીને આલમે વિલાયતમાં અનોખો દરજ્જો હાંસિલ કર્યો છે. મકામે ફનાફીશ શૈખની મંઝીલ પર પહોંચી ગયા છે.

બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહ હંમેશા પોતાના પીર (શૈખ)ને વુઝુ કરાવવાની સેવામાં તત્પર રહેતા હતા એક દિવસની ઘટના એવી છે કે સખ્ત ઠંડીના દિવસો હતા અને એ પણ દિલ્હીની ઠંડી જે ઘણી જ કાતીલ હોય છે. રાત્રે તહજ્જુદનો સમય હતો પીરસાહેબે વુઝુ માટે પાણી માંગ્યું. બાબા ફરીદ સાહેબ પાણી લેવા ગયા પણ પાણી અતિ ઠંડુ હતું એટલે તેને ગરમ કરવા ચુલો સળગાવવો જરૂરી હતો. પણ ખાનકાહમાં આગ હતી જ નહીં, આગ લેવા માટે બાબા ફરીદ બહાર નીકળે છે પણ મહોલ્લાના બધા જ દરવાજા બંધ હતા. એક વૃધ્ધા જે ઘણીજ નેક, ઈબાદત ગુજાર હતી તેનો દરવાજો ખુલ્લો જોતા આપ તેની પાસે આગ લેવા ગયા અને કહ્યું કે, મારા પીર સાહેબ માટે પાણી ગરમ કરવું છે તેમને વુઝુ કરવું છે. તમારા ચુલામાં આગ હોય તો થોડી આગ આપો, વૃધ્ધા આપને ઓળખી ગઈ તેણે નક્કી કર્યું જોવું તો ખરા કે પીરથી કેટલી મહોબ્બત રાખે છે. પછી વૃધ્ધા કહ્યું કે જો તમારે આગ જોઈતી હોય તો તમારી એક આંખ આપો !

બાબા ફરીદ ગંજશકરે એક ક્ષણની પણ વાર કર્યા વિના આંખ કાઢીને પેલી ડોશીને આપી દીધી આંખની જગ્યાએ પટ્ટી બાંધી, આગ લાવી, ચુલો સળગાવી, પાણી ગરમ કરી, પીર સાહેબની સેવામાં હાજર થઈ ગયા. રૌશન ઝમીર પીરે કશ્ફથી બધુ જ જાણી લીધું હતું.

પીર સાહેબે બાબા ફરીદને કહ્યું કે, આંખ ઉપર આ પટ્ટી શાની બાંધી છે ? બાબા સાહેબે કહ્યું હઝરત આંખ દુઃખે છે ! પીરે હૂકમ કર્યો એ પટ્ટી ખોલી નાખો જાવ ઈન્શાઅલ્લાહ તમારી આંખ સારી થઈ ગઈ છે. બાબા ફરીદ સાહેબે તરત જ પટ્ટી ખોલી નાખી તો ચમત્કાર થયો આપની આંખ સલામત હતી અને પહેલા કરતા મોટી અને રૌશન હતી. સુબ્હાનલ્લાહ ! બાબા ફરીદ ગંજશકર રહેમતુલ્લાહ અલયહની તે આંખ કાયમ માટે મોટી અને અતિ નુરાની રહી અને તેની અસર આપની ઔલાદમાં પણ જોવા મળી કે બાબા ફરીદની ઔલાદની એક આંખ મોટી દેખાતી હતી. શાયરે સાચે જ કહ્યું છે કે,

**ફના હુવે બગૈર બકા કા પતા નહીં મીલતા**

ખુદી કો મીટાયે બગૈર, ખુદાકા પતા નહીં મીલતા
હઝરત ખ્વાજા મોઈનુદીન ચિશ્તી
રહમતુલ્લાહ અલયહની ભવિષ્યવાણી

હિંદલવલી, અતાએ રસૂલ, હઝરત ખ્વાજા મોઈનુદીન ચિશ્તી રહમતુલ્લાહ અલયહ એક દિવસ દિલ્હી હઝરત ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહની ખાનકાહમાં તશરીફ લાવ્યા એ સમયે હઝરત ખ્વાજા ફરીદુદીન ગંજેશકર અજોધની રહમતુલ્લાહ અલયહ પણ ત્યાં મૌજુદ હતા હાજર હતા. બાબા ફરીદને જોઈને હઝરત ખ્વાજા ગરીબનવાઝ રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું કે, "ફરીદ તો એક શમ્આ છે. તેની રૌશની મારા ખાનવાદાના દુરવેશો (મશાયખો)ને મુનવ્વર (પ્રકાશમય) કરશે ચિશ્તીયા સિલસિલાને ચમકાવશે."

સરકાર ખ્વાજા હિંદવલીની આ ભવિષ્યવાણી અક્ષરે અક્ષર સાચી પડી. ખરેખર ચિશ્તીયા સિલસિલાને વેગવંતો કરવામાં બાબા ફરીદ સાહેબનો ફાળો બહુમોટો છે. આ સિલસિલાને આખાય વિશ્વમાં ચમકાવનાર જે રૂહાની સ્ત્રોત છે તે તો બાબા ફરીદની નુરાની પવિત્ર ઝાતે પાક છે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. આપનો પાયાનો સિદ્ધાંત ખિદમતે ખલ્ક(માનવસેવા) હતા.

ખાનકાહો દ્વારા (મઠ કે આશ્રમ દ્વારા) માનવીની પ્રાથમિક જરૂરીયાત જેવી કે શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને સુરક્ષા જેવી બાબતો પર પ્રાધાન્ય આપવામાં આવ્યું ખાનકાહમાં સારા આલીમોને રાખવામાં આવતા જે તાલીમ (શિક્ષણ) આપવાનું કામ કરતા ખાનકાહમાં હકીમો (વૈદ્ય) પણ રહેતા જે બિમારીઓનો ઈલાજ કરતા ખાનકાહમાં બન્ને ટાઈમ લંગર વહેચાતુ એટલે જમવાનું મળી જતું ગરીબ, યતીમ, બેવા અને નિરાધારોને મદદ આપવામાં આવતી આ માનવસેવાના કાર્યોથી લોકોમાં પીર (સુફી)ઓ પ્રત્યે માનની લાગણી જાગી લોકો પણ આ ખાનકાહોને મદદરૂપ થવા લાગ્યા. ઈબાદત (બંદગી)નો સાચો તરીકો શિખવવામાં આવ્યો. કુર્આન અને હદીષની તાલીમે ઈસ્લામ પ્રત્યે ઈશ્ક પૈદા કરી દીધો લોકો સ્વયં ઈસ્લામ સ્વીકાર કરવા લાગ્યા. અલ્લાહવાળા એટલે સુફી લોકોએ કદી કોઈને ધાક, ધમકી નથી આપી કદી કોઈને લાલચ કે પ્રલોભન નથી આપ્યા સુફીઓનું જીવન જ ઈસ્લામના મહાન

પયગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાંહો અલયહે વસલ્લમના જીવનનો નમુનો હતો એટલે લોકો તેમની જીવન પદ્ધતિથી આકર્ષાયા અને મુસલમાન બન્યા કેટલાક અધુરીયાઓએ ઈસ્લામ તલવારથી ફેલાયો છે તે વાત તદ્દન ખોટી અને વાહીયાત છે. ખરેખર એક શાયરે પોતાના આ શએર સાવ સાચી વાત કહી દીધી છે કે ઈસ્લામ લોખંડની તલવારથી નહીં પણ અખ્લાક (સંસ્કાર)ની તલવારથી ફેલાયો છે.

**"રાસ્ત કી તેગ થી જો થી ઉન્કે પાસ**
**ખંજરે આહન નહીં. વો ખંજરે અખ્લાક થા"**

**-હઝરત બાબા**

ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહે દીને ઈસ્લામની તબ્લીગ દરેકે રીતે કરી ખાનકાહથી, તકરીરથી, તેહરીરથી અને પોતાના ખલીફાઓને દૂર દૂર સુધી પ્રતિનિધિ નીમીને ખિદમતે ખલ્કની સાથે ખિદમતે દીનને પણ અદા કરી છે. હઝરત બાબા ફરીદ બહુ મોટા આલીમે દીન પણ હતા એટલે જ આપને "મૌલાના ફરીદ" પણ કહેવામાં આવે છે. આપની તકરીર (વાએઝ) ઘણી જ અસરકારક હતી લોકોની ઈસ્લાહ પણ થઈ જતી અને ઈસ્લામ કબુલ પણ કરી લેતા.

ઝોહદો તકવા અને ઈબાદતથી ભરપુર પવિત્ર ઝિંદગીમાં બાબા ફરીદ સાહેબની મજલીસો તાલીમ આપવામાં પણ આપ અગ્રેસર રહ્યા છે. કુર્આન અને હદીષની તાલીમથી સારા સારા ઉલ્માઓ પણ પ્રભાવિત થઈ જતા. હઝરત સૈયદ ખ્વાજા બદરૂદીન ઈસ્હાક રહમતુલ્લાહ અલયહ જે ફુકરાઓને માનતા ન હતા પણ બાબા ફરીદથી આપને ઘણી જ મહોબ્બત હતી. તરીકતની સાથે શરીઅત પર અમલ કરનાર જ કામયાબ થાય છે. અને આ બાબત હઝરત બાબા ફરીદુદ્દીન મસઊદ ગંજશકર રહમતુલ્લાહ અલયહની મુબારક ઝિંદગીમાં જોવા મળી છે.

સિલસિલએ ચિશતીયાનો ફેલાવો કરવો અને પીરી મુરીદીના માધ્યમ થકી મુસલમાનોની સુધારણા સાથે ઈસ્લામની તબ્લીગ કરવાના નેક આશયથી બાબા ફરીદ સાહેબે લાયક મુરીદોને પોતાની ખિલાફતથી લાભવંત કરીને ખિદમત અંજામ આપવા દુનિયાના દરેક સ્થળે રવાના કર્યા, આપના

ખલીફાઓની સંખ્યા તો હજારોની છે પણ કેટલાક નામ તો વિલાયતના આકાશમાં ચમકદાર તારાઓની જેમ ચમકી રહ્યા છે. (૧) કલીયરમાં હઝરત અલી અહમદ અલાઉદ્દીન સાબીરમીયા રહમતુલ્લાહ અલયહ(૨) દિલ્હીમાં મહેબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન બદાયુની રહમતુલ્લાહ અલયહ (૩) હાંસીમાં હઝરત કુતુબ જમાલુદ્દીન હાંસવી રહમતુલ્લાહ અલયહ અને (૪) સીયાલકોટમાં હઝરત ખ્વાજા ઈમામુલહક સીયાલ કોટી રહમતુલ્લાહ અલયહ (૫) દક્કનમાં હઝરત શૈખ મુન્તખેબુદ્દીન ઝરઝરીબક્ષ રહમતુલ્લાહ અલયહના મુબારક નામો મોખરાનું સ્થાન ધરાવે છે. આ બુઝુર્ગોએ ઈલ્મ, અમલ, અખ્લાક, કશ્ફ, કરામત અને ખિદમતે ખલ્કથી ચિશ્તીયા સિલસિલાને ચાર ચાંદ લગાવી દીધા.

હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહના ફરઝંદ (પુત્ર) અને આપના ખલીફા અને ગાદીવારસ હઝરત ખ્વાજા બદરૂદ્દીન સુલૈમાન રહમતુલ્લાહ અલયહ પણ પોતાના પિતાની જેમ મહાન આલીમ અને સુફી તેમજ સમાજ સુધારક વલીએ કામિલ હતા. તેમની જ ઔલાદ (વંશ)માં ક્રમે ક્રમે વલીએ કામિલ થતા રહ્યા જે પૈકી એક હઝરત ખ્વાજા શાહ ફતેહઉલ્લાહ રહમતુલ્લાહ અલયહ અમદાવાદ આવી વસ્યા જેમની ઔલાદ આજે પણ મૌજુદ છે. જે પોતાના પૂર્વજોના પગલે ચાલી દીની સેવા આપી રહી છે.

## બાબા ફરીદનો ઈલ્મ પ્રેમ

આપના મુરીદ અને ખલીફા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી રહમતુલ્લાહ અલયહે ફરમાવે છે કે, મેં ઘણી કિતાબો મારા પીર બાબા સાહેબ પાસે જ પઢી છે જ્યારે હું હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દી રહમતુલ્લાહ અલયહની લખેલ કિતાબ "અવારેફુલ મઆરીફ" આપની પાસે પઢી રહ્યો હતો ત્યારે બાબા શૈખ ફરીદ ગંજ શકરના ઘરે એક દિકરાનો જન્મ થયો ત્યારે બાબા સાહેબે જે કિતાબનો દર્સ આપી રહ્યા હતા તે કિતાબના લેખકથી પણ આપને મહોબ્બત હતી એટલે એ નવજાત બાળકનું નામ આપે શહાબુદ્દીન રાખ્યું આ છે બાબાનો ઈલ્મ પ્રેમનો એક નમુનો ..

## મહેફીલે શમા (કવ્વાલી)થી લગાવ

હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર ચિશ્તી રહમતુલ્લાહ અલયહ મોટા

આલીમ અને આબીદ હોવા છતાં પોતાના પીર વ મુરશદ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહેમતુલ્લાહ અલયહના રૂહાની અસર તળે હોવાથી મહેફીલે શમા (કવ્વાલી)નો શોખ હતો કેટલાક અહેલે શરીઅત આ બાબતે નારાજ હોવા છતાં બાબા શૈખ ફરીદના રૂહાની પ્રતાપ સામે કોઈ દમ મારી શકતું ન હતું.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી રહમતુલ્લાહ અલયહ પોતાની કિતાબ "ફવાઈદુલ ફવાદ"માં લખે છે કે એક દિવસ અબુ બકર નામના એક કવ્વાલે બાબા ફરીદની હાજરીમાં અરબીમાં બે શએર પઢયા અને આગળ ના પઢી શકયો તો અરબીના બાકીના શએર બાબા ફરીદ સાહેબે સંભળાવી દીધા તો મહેફીલમાં જાન પૈદા થઈ ગઈ હતી. આ હતો આપનો આલીમાના અંદાઝ.

હઝરત બાબા સાહેબ ગંજશકર રહમતુલ્લાહ અલયહની વાણી, નશીહત, બોધવચનનો સંગ્રહ જે હઝરત ખ્વાજા નિઝામુદ્દીન દહેલવી રહમતુલ્લાહ અલયહ એકઠો કર્યો છે. તે કિતાબનું નામ "રાહતલ કુલુબ" છે. અને જેનો સંગ્રહ હઝરત ખ્વાજા બદરૂદ્દીન ઈસ્હાક રહેમતુલ્લાહ અલયહે કર્યું છે તેનું નામ અસરારે ઔલિયા છે. આ બન્ને મલ્ફુઝાત (બોધવચનો)માં કેટલીક પુરાણી કિતાબોના હવાલાઓ પણ આપવામાં આવ્યા છે. આથી એ સ્પષ્ટ થાય છે કે હઝરત બાબા શૈખ ફરીદ મસ્ઉદ ગંજેશકર રહમતુલ્લાહ અલયહ મહાન પરિપૂર્ણ આલીમ હતા.

## હઝરત શૈખ ફરીદનું તપસ્વી જીવન

હઝરત શૈખ ફરીદુદ્દીન ગંજશકર પાક પટની અજોધની રહમતુલ્લાહ અલયહ બહુ મોટા આબીદ, ઝાહીદ, પારસા બુઝુર્ગ હતા ફીકર-ફાકા અનેક કષ્ઠોથી ભરપૂર આપની મુજાહીદાના ઝિંદગીની કોઈ જોડ મળે તેમ નથી. આપે કયારેય ખાવા-પીવા, પહેરવા ઓઢવા, આરામ કરવા, નામ કમાવવા, ઈજ્જત કરાવવા બાબતે વિચાર સુધ્ધા કર્યો ન્નથી. દુનિયાથી દૂર એકાંતમાં યાદે ઈલાહીમાં પોતાની ઝાતને ગુમ કરી દેવામાં જ મસ્ત રહેતા હતા.

હઝરત બાબા ફરીદ રહમતુલ્લાહ અલયહ પોતાનું સંપૂર્ણ જીવન અલ્લાહની રઝામંદી મેળવવા માટે મખ્લુકે ખુદાની ખિદમતમાં પસાર કર્યું છે. ભેદભાવ વિના માનવમાત્ર સેવા પ્રેમ અને સમાનતાનો સંદેશ માણસને માણસની નજીક

લાવવાનો આપનો જીવનધ્યેય ઘણા જ ઘર્ષણોથી ભરપૂર હતો. છતાં આપ મક્કમતાથી પોતાના ધ્યેયમાં આગળ રહ્યા છે. આપના એક મોઅતેકીદ (શ્રધ્ધાળુ)એ આપને ભેટમાં કાતર આપી તો આપે પેલા માણસને કાતર પાછી આપી દીધી અને કહ્યું કે મારૂ કામ કાપવાનું (જુદા પાડવાનું) નથી પણ મારૂં કામ તો સાંધવાનું (ભેગા કરવાનું) છે મને કાતરની નહીં સોયની જરૂર છે. સુબ્હાનલ્લાહ ! આનું નામ જ સાચો સુફી કહેવાય.

આજકાલ ચાલતી પીરી મુરીદીમાં કહેવાતા સુફીઓ અને આપબળે બની બેઠેલા પીર સાહેબોએ મુસલમાનોમાં અને ખાસ કરીને સુન્ની મુસલમાનોમાં જે વાડા ઊભા કર્યા છે સુન્નીઓને અલગ-અલગ ટોળામાં વહેંચી દીધા છે. આપણે જ કામયાબ આવું જે મુરીદોના મગજમાં ભરી દીધું છે તે ખરેખર ઘણું જ કમનસીબ ગણાય આ રીત ચાલતી જ રહી તો સુન્ની મુસલમાનોને દીની અને દુનિયાવી નુકસાન જ વેઠવું પડશે અલ્લાહ તઆલા આવા પીરસાહેબ, પોતાના અહમ અને સ્વાર્થ માટે કૌમ ભલુ ન ઈચ્છતા હોય તેમને સદબુધ્ધી આપે અને હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહ જેવા સુફી અને પીર બનવાની તૌફીક અતા કરે. આમીન.

**ખિદમતે ખલ્ક - માનવ સેવા**

હઝરત બાબા ફરીદ ગંજશકર અજોધની રહેમતુલ્લાહ અલયહે દિલ્હીમાં પોતાના પીર વ મુરશદ હઝરત ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહની ખિદમતમાં રહી રૂહાની મકામ હાંસિલ કરી લીધો. હવે સામાન્ય લોકો દર્દી, દુઃખી, ગમઝદા માણસો ઈલાજ માટે આપની સેવામાં હાજર થવા લાગ્યા. અલ્લાહ તઆલાના ફઝલો કરમથી પીરની નિગાહે કરમથી બાબા સાહેબની દુઆથી લોકોની મુરાદ પુરી થઈ જતી હતી. ધીમે ધીમે લોકોના ટોળા આપની ખિદમતમાં આવવા લાગ્યા આપની ખ્યાતિ એટલી વધી ગઈ કે હવે આપને ઈબાદત કરવાનો સમય તંગ થવા લાગ્યો. ઈબાદત (બંદગી) માટે પુરો સમય મળી રહે તે માટે દિલ્હી છોડવાનું નક્કી કર્યુ. પીર સાહેબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહની રઝા માંગી રઝા મળતા આપ દિલ્હીથી હાંસી ચાલ્યા ગયા.

ઝોહદો-તકવા અને ઈબાદતની ગરજથી બાબા ફરીદ દિલ્હીથી હાંસી આવ્યા પણ ધીમેધીમે હાંસીમાં અને આજુબાજુની જનતાને ખબર પડી કે બાબા ફરીદ

ગંજશકર રહમતુલ્લાહ અલયહ હાંસી આવી ગયા છે. તો લોકો હાંસીમાં પણ આપની સેવામાં હાજર થવા લાગ્યા, ફૈઝ હાંસિલ કરવા લોકોની ભીડ જામવા લાગી હાંસીમાં પણ આપને ઈબાદત કરવામાં ખલેલ પડવા લાગી તો આપે હાંસીમાં આપના એક ખાસ મુરીદ અને ખલીફા હતા જે ઘણા જ નેક મુત્તકી અને ઈબાદતગુજાર હતા. જેમનું નામ શૈખ જમાલુદીન હાંસવી રહમતુલ્લાહ અલયહ છે તેમને હાંસીમાં રહીને ખિદમતે ખલ્ક કરવા માટે હાંસીમાં મુકી આપ યાદે ઈલાહીમાં પ્રવૃત્ત થવા હાંસીનો ત્યાગ કરી એકાંતની તલાશમાં અજોધન તરફ પ્રયાણ કરી ગયા.

**અજોધનના ભયાનક જંગલમાં વસવાટ**

અજોધન એટલે આજના પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આવેલું પાકપટ્ટન શરીફ જ્યાં સુધી બાબા શૈખ ફરીદુદ્દીન મસઊદ રહેમતુલ્લાહ અલયહના કદમ મુબારક ત્યાં પહોંચ્યા ન હતાં ત્યાં સુધી પાક પટ્ટન તો અજોધનના નામથી ઓળખાતું હતું અને તદન અવિકસીત જંગલોનું સ્થળ હતું. ઈબાદત માટે એકાંત અને જંગલ જેવું એકાંત હોય કયાંથી હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહને અજોધન ગમી ગયું. તે વખતે એ ભયાનક ખતરનાક જંગલ હતું. જ્યાં વાઘ, વરૂ અને સિંહ જેવા હિંસક પ્રાણીઓ અને સાંપ-વિંછી જેવા ઝેરી જીવજંતુઓ રાફળો હતો. ચોર અને ડાકુઓનો અડ્ડો હતો. એવા અતિ ભયાનક જગ્યાને બાબા ફરીદે રહેવા માટે પસંદ કર્યું અને આ જંગલમાં આપે મુકામ કર્યો. દુનિયાવાળાઓથી દૂર રહેવા આપે તકલીફો અને યાતનાઓવાળી જગ્યાએ રહેવા લાગ્યા ઈબાદત, રિયાઝત અને શુક્ર સબ્રવાળી જિંદગી ગુજારતા હતા. મહદઅશે રોઝા રાખતા હતા. ખાવા માટે જંગલના ઝાડના ફળ પાન વિગેરેથી રોઝો ઈફતાર કરતા હતા. આપની સાથે કેટલાક દુરવેશો પણ હતા જ્યારે ભુખ લાગતી તો કરણના ફુલોને બાફીને ખાઈ લેતા અને નસીબ જોગે કયારેક તે બાફેલા ફુલોમાં નાખવા નમક (મીઠું) મળી જતું તો તે દિવસ તેમના માટે ઈદનો દિવસ બની જતો હતો. ફાકાકશી એ નફસની સામે જેહાદ હતી જે જેહાદે અકબર કહેવાય છે. એટલા માટે જ તો હઝરત શૈખ ફરીદ રહમતુલ્લાહ અલયહને જોહદુલ અંબિયા પણ કહેવામાં આવે છે.

**બાદશાહની ભેટનો અસ્વિકાર**

હઝરત બાબા ગંજશકર રહમતુલ્લાહ અલયહની અનેક કરામતો છે.

સૌથી મોટી કરામત આપની અલ્લાહ તઆલા પર તવક્કલ અને ફાકાકશ ઝિંદગી છે. આપ પોતાના સમયના મહાન આલીમેદીન હોવા છતાં કદી પણ કોઈ હોદ્દાની લાલચ રાખી નથી. દુનિયાની મોજશોખવાળી ઝિંદગીથી હંમેશા નફરત કરી છે. એ સમય એવો હતો કે સુફીઓ અને ઉલ્માઓ પણ બાદશાહો અને અમીર-ઉમરાવોને મળવામાં ગૌરવ અનુભવતા હતા. જ્યારે બાબા ફરીદ તેનાથી તદ્દન વિરૂધ્ધ પ્રકૃતિ ધરાવતા હતા. આપ ચાહે તો એક ઈશારામાં એશો આરામ વાળી વસ્તુઓ આપની સામે હાજર થઈ શકતી હતી. હઝરત બાબા ફરીદ મજબુર કે લાચાર ન હતા પણ સ્વભાવમાં જ ફકીરી અને દુરવેશીએ રંગ જમાવી દીધો હતો.

અજોધન (પાક પટ્ટન)માં પણ આપની ખ્યાતિ ફેલાવા લાગી. અંહિયા પણ લોકો આપના દિદાર અને ફૈઝની ગરજથી હાજર થવા લાગ્યા. દિલ્હીનો એ સમયનો બાદશાહ સુલતાન નાશીરૂદ્દીન મહેમૂદ લશ્કર સાથે ઔછ અને મુલતાન તરફ જઈ રહ્યો હતો. તો એ વખતે બાદશાહે પોતાના નાયાબ અલઘખાન (જે પાછળથી સુલતાન ગ્યાસુદ્દીન બલબનના નામથી દિલ્હીનો સ્વતંત્ર બાદશાહ બન્યો હતો)ને બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહની સેવામાં અજોધન મોકલ્યા અને ભેટમાં થોડીક રકમ અને ચાર ગામની જાગીર લેખ સાથે બાબા ફરીદને આપવા મોકલ્યો હતો. જ્યારે અલઘખાન બાબા ફરીદની સેવામાં બાદશાહનો આ તોહફો લઈને હાજર થયો તો આપે રોકડ રકમ સ્વીકારી લીધી પણ ચાર ગામની જાગીરનો અસ્વિકાર કરી દીધો કહ્યું કે આ રોકડ તો હું ગરીબોમાં વહેંચીશ પણ આ જાગીરને હું શું કરૂં તેના તલબગારો તો ઘણા છે તેમને આપી દો જેમને જાગીરની જરૂર હોય મારે તેની કોઈ જરૂરત નથી સુબ્હાનલ્લાહ ! આપ ઔલાદવાળા હોવા છતાં આટલી મોટી સુખ-સાહયબીનો ઈન્કાર કરી દીધો. એજ આપના સાચા સુફી હોવાની દલીલ છે. તર્ક(ત્યાગ) કરવું એ વલીઅલ્લાહની પ્રથમ ઓળખ છે. હઝરત બાબા ફરીદ સાહેબને દુનિયાની કોઈ પણ જાતની મોહમાયા ન હતી આપની સૌથી મોટી કરામત જ આ ગણાય કે ખુદને જરૂર હોવા છતાં બીજા માટે ત્યાગ કરી દે એનું નામજ તારીકુદ દુનિયા એવી શાનવાળા બુઝુર્ગ છે. હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજેશકર રહમતુલ્લાહ અલયહ.

## અત્યંત દુઃખદ ઘટના

અજોધન (પાક પટ્ટન)ના રોકાણ દરમિયાન બાબા ફરીદ સાહેબની ઝિંદગીમાં એક અત્યંત દુઃખદ ઘટના એવી બની કે આપની વાલેદા (અમ્માજાન)એ સમયે કોતવાલમાં રહેતા હતા. તેમને અજોધન પોતાની પાસે બોલાવી લાવવા માટે ભાઈ શૈખ નજીબુદ્દીન મુતવક્કીલ રહમતુલ્લાહ અલયહને કહ્યું તમે કોતવાલ જાવ અને આપણા અમ્મા સાહેબથી અહીંયા તેડી લાવો વડીલભાઈ અને પીર વ મુરશદનો હુકમ થતા હઝરત ખ્વાજા નજીબુદ્દીન કોટવાલ ગયા એક ઘોડી પર આપના વૃધ્ધ અમ્મા (વાલેદા)ને સવાર કર્યા પોતે પગપાળા ચાલવા લાગ્યા. માર્ગમાં એક અતિ ભયાનક જંગલમાંથી પસાર થવું જરૂરી હતું. હિંસક પ્રાણીઓથી ભરપુર એવા જંગલના મધ્યમાં પહોંચ્યા ત્યારે આપની અમ્માને તરસ લાગી પીવા માટે પાણી માંગ્યું. પાણી હાજરમાં નહતું એટલે આપે પોતાની અમ્માને એક ઝાડના છાયામાં બેસાડી પાણીની શોધમાં જંગલમાં ગયા કયાંય પાણી ના મળ્યું તો આપ થાકીને પાછા અમ્મા પાસે પેલા ઝાડની નજીક આવ્યા તો અમ્મા તો હતા જ નહીં. હઝરત નજીબુદ્દીન વ્યાકુળ બની ગયા આમ તેમ જંગલમાં અમ્માની શોધ કરવા લાગ્યા પણ કયાંય અમ્મા મળ્યા નહીં. થાકીને નિરાશથઈને પાછા ભાઈ બાબા ફરીદની સેવામાં અજોધન આવ્યા અને બનેલી ઘટના કહી સંભળાવી. ત્યારબાદ અમ્માની તલાશ માટે કેટલાક બીજા સાથીઓને લઈને આપ જંગલમાં આવ્યા ઘણી શોધખોળના અંતે કેટલાક માનવ શરીરનાં હાડકાં મળી આવ્યા ! આ દુઃખદ ઘટનાએ બધાને આઘાત પહોંચાડ્યો હઝરત બાબા સાહેબ ખૂબ ગમગીન બની ગયા આ બનાવ વખતે બાબા સાહેબ અને તેમના ઘરવાળાઓએ કેવો સબ્ર કર્યો હશે તેની કલ્પના થઈ શકે તેમ નથી !

અલ્લાહના સાચા દોસ્તો (ઔલિયા અલ્લાહ) દીન માટે સર્વસ્વ અર્પણ કરી દીધું છે. એક બે નહીં અનેક યાતનાઓ વેઠી છે. અપમાનો સહન કર્યા છે. ભૂખ-તરસ સહન કરી છે. કોઈએ ઘર છોડયા કોઈએ વતનનો ત્યાગ કર્યો. બીબી -બચ્ચા અને માં-બાપ કુર્બાન કર્યા છે. ઘણાએ રાજગાદી (બાદશાહી)ને તર્ક કરી ફકીરી ધારણ કરી છે. પરદેશ જઈ અજાણ્યા માહોલની તકલીફો હસતમોંએ સ્વીકારીને દીને ઈસ્લામની તબ્લીગ કરી છે. એવા ત્યાગી મહાત્માઓમાં એક નામ હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહનું છે.

●●●

# "ગંજશકર"નો લકબ મલ્યો

**"ગુફ્તએ ઊ ગુફ્તએ અલ્લાહ બુવદ**
**ગરચે અઝ હલકુમેં અબ્દુલ્લાહ બુવદ"**

(અર્થ :- તેઓનું બોલવું એ અલ્લાહનું જ બોલવું હોય છે. જો કે ગળુ અબ્દુલ્લાહનું હોય છે)

હઝરત શૈખ ફરીદુદ્દીન ચિશ્તી ગંજશકર ફારૂકી રહમતુલ્લાહ અલયહની ખાસ ઓળખ ધરાવતો એક ખાસ લકબ "ગંજશકર" (ખાંડનો ખજાનોં કે મોરસની ખાણ) આપને કયારે મલ્યો તે બાબતે બે ત્રણ બનાવ જાણવા મળે છે તે પણ જોઈએ અને બાબા ફરીદની સૌથી નિરાલી શાનને સમજીએ.

(૧) એક દિવસ જંગલમાં બાબા ફરીદ ઈબાદત (બંદગી)માં પ્રવૃત હતા અચાનક આપને ખૂબ તરસ (પ્યાસ) લાગી પોતાની પાસે પાણી હતું નહીં એટલે પાણીની શોધમાં જંગલમાં ફરવા લાગ્યા એક કુવો દેખાયો તેની પાસે જઈ કુવામાં જોયું તો પાણી ખૂબ ઊંડુ હતું પાણી કાઢવા ડોલ અને દોરડાંની જરૂર હતી પણ તેતો કયાંથી હોય થાકીને કુવાથી થોડાક દુર જઈને બેઠા અને કોઈ પાણી ભરવા માટે આવે તેની રાહ જોવા લાગ્યા એટલી જ વારમાં કેટલાક તરસ્યા હરણ પાણી પીવા કુવા પાસે આવ્યા તો કુવાનું પાણી ઉપર આવીને ઉભરાવા લાગ્યું બધા હરણ પાણી પીવા લાગ્યા. ધરાઈને પાણી પીને હરણ જતા રહ્યા પછી બાબા ફરીદ કુવા પાસે આવ્યા તો પાણી પાછું નીચે છેક તળીયે જતું રહ્યું.

આ જોઈને બાબા ફરીદ સાહેબ ખુબ જ દુઃખી અને શરમીંદા થયા અને અલ્લાહ તઆલાની બારગાહમાં અરજ કરી કે મૌલા શું હું એક જાનવર કરતા પણ નકામો હું કેટલો મોટો ગુનેહગાર કે મારા કરતા પેલા હરણ સારા હતા તેમના માટે પાણી ઉપર આવી જાય અને મારા માટે નીચે જતું રહે. એજ વખતે એક ગૈબી અવાજ સંભળાય છે "હે ફરીદ ! પેલા હરણાંઓને તો ફકત મારા પર જ ભરોસો હતો અને તમે તો ડોલ અને દોરડું શોધવા ગયા હતા. આ ગૈબી અવાજ સાંભળી હઝરત શૈખ ફરીદ મનોમન ખુબ પસ્તાયા અને પોતાની ભુલ થઈ છે તેનો કફફારો અદા કરવા આપે ચાલીસ (૪૦) દિવસના રોઝા રાખવાનું નક્કી કર્યું જ્યારે ચાલીસમો રોઝો ઈફતાર કરવાનો સમય હતો પણ ઈફતાર કરવા માટે ખાવા પીવાની કોઈ વસ્તુ ન હતી, રોઝો ઈફતાર કરવા માટે બાબા ફરીદુદ્દીને જમીન પરથી ચપટી માટી ઉપાડી અને મોંમાં

નાખી કે તરત જ એ માટી શકર (ખાંડ, મોરસ) બની ગઈ અને એ ઘટનાની જાણ કશ્ફથી આપના પીર વ મુરશદ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહમતુલ્લાહ અલયહને પડી આપે તેજ વખતે બાબા ફરીદને "ગંજશકર"નો લકબ આપ્યો પીરનો એવો તો કરમ થયો કે આપ જોતજોતામાં જ પુરી દુનિયામાં "ગંજશકર"થી મશહુર થઈ ગયા. (સુબ્હાનલ્લાહ)

(૨) બીજો એક બનાવ એવો પણ નોંધવામાં આવ્યો છે કે, એક દિવસ હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ રહમતુલ્લાહ અલયહ પોતાની ખાનકાહની બહાર ઉભા હતા. મુલતાનનો એક સોદાગર ઊંટોની વણઝાર પર અનાજની ગુણોમાં માલ લઈને જતો હતો. હઝરત શૈખ ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહે પુછયું કે માલ શું લઈ જાવ છો ? પેલા સોદાગર વિચાર કર્યો કે માલમાં તો મોરસ (શકર) છે જો સાચું કહીશ તો એક ગુણ મારેતેમને આપવી પડશે એટલે સોદાગર (વહેપારી) જુઠુ બોલ્યો કે બાબા સાહેબ ! માલમાં નમક(મીઠું )છે. તો જવાબમાં બાબા ફરીદ ગંજશકરે કહ્યું ભલે એ નમક હશે જ્યારે સોદાગર ઊંટોની વણઝાર લઈને વેચવા બજારમાં ગયો અને ગુણો ખોલી તો તમામ શકર (મોરસ) નમક (મીઠું) બની ગઈ હતી. આ કરામતથી પેલો સોદાગર તો ગાંડો ગાંડો થઈ ગયો. તેનો લાખો રૂપિયાનો માલ બરબાદ થઈ જતા ઘણો જ પસ્તાયો ગભરાઈ ગયો. એને એવાતની ચોક્કસ અનુભૂતિ થઈ કે હું બાબા ફરીદ સામે જે જુઠુ બોલ્યો તેનું આ પરિણામ છે. તે તરત જ હઝરત બાબા ફરીદ સાહેબની બારગાહમાં હાજર થયો આપના કદમ પકડીને રોવા લાગ્યો. માફી માંગવા લાગ્યો. સરકાર માલની ગુણોમાં શકર હતી પણ હું ખોટુ બોલ્યો હતો કે નમક છે. સરકાર તે તમામ ગુણો નમક બંની ગઈ છે. આપ મને માફ કરો. અને નજરે કરમ ફરમાવો નહીંતર મારો લાખોને માલ બરબાદ થશે અને બીજા સોદાગરોને શું જવાબ આપીશ ! મારી ખતાને માફ કરો ! મારા પર દયા કરો સરકાર મારાથી મોટી ભૂલ થઈ છે. સોદાગરની વિનંતી પર બાબા ફરીદ સાહેબને દયા આવી ગઈ. દરિયાદિલ અલ્લાહના વલીએ તેની ખતાને માફ કરી અને કહ્યું જા તારી નમકની ગુણો શકર બની જશે ! સોદાગર જઈને જુએ છે તો ખરેખર બધી જ ગુણો શકરમાં બદલાઈ ગઈ હતી. સુબ્હાનલ્લાહ આ કરામત બાદ આપ ગંજશકર કહેવાયા.

સાચે જ અલ્લાહવાળાની ઝબાનથી અલ્લાહ બોલે છે તેમનું બોલવું અલ્લાહનું બોલવું હોય છે. ઝબાન તો હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર

રહમતુલ્લાહ અલયહની હતી પણ કલામ ખુદ અલ્લાહ અજ્જ વ જલ્લનો હતો.

(૩) ત્રીજી ઘટના એવી છે કે, બાબા ફરીદ સાહેબનું બાળપણ હતું. આપની વાલિદા (અમ્માજાન) જ્યારે જ્યારે નમાઝનો સમય થતો ત્યારે ત્યારે પોતાના આ લાડકવાયા ફરઝંદને નમાઝની તાલીમ મળે અને ટેવ પણ પડે તે માટે આપ પોતાની પાસે બેસાડી વુઝુ કરાવતા અને પોતાના મુસલ્લા પાસે બાબા ફરીદને પણ નાનકડો મુસલ્લો પાથરી દેતા એક દિવસ બાળ ફરીદે સહજભાવે અમ્માને પુછયું કે અમ્માજાન ! આપણે નમાઝ પઢીએ તો અલ્લાહ તઆલા આપણને શું આપે? બાબા ફરીદના સવાલનો જવાબ તેમની અમ્મા એ તેમની નાની ઉમર બાળ સ્વભાવ પ્રમાણે એ આપ્યો કે જો આપણે નમાઝ પઢીએ તો અલ્લાહ પાક આપને શકર (મોરસ) આપે ! જવાબ સાંભળી બાબા સાહેબ ખુશ થઈ ગયા અને અમ્માને વચન આપ્યું કે હવેથી હું દરરોજ સમયસર નમાઝ પઢીશ તેમની અમ્માજાન પણ રાજી થઈ ગયા. અને બાબા ફરીદને ખબર ના પડે તે રીતે આપના મુસલ્લા નીચે થોડીક શકર (મોરસ) મુકી દેતા. આવું ઘણા દિવસ ચાલતુ રહ્યું, પણ એક દિવસ બાબા ફરીદ મહોલ્લાના બાળકો સાથે બહાર જતા રહ્યા નમાઝનો સમય થયો મસ્જિદથી અઝાનની સદા બુલંદ થઈ તો બાબા સાહેબે તમામ છોકરાઓને કહ્યું કે હું તો નમાઝ પઢવા જાઊં છું મને દરરોજ મુસલ્લા (જાનમાઝ) નીચેથી શકર મળે છે. અન્ય છોકરા કહેવા લાગ્યા કે શું અમને પણ શકર મળશે તો બાબા ફરીદે કહ્યું હા જરૂર કેમ નહીં. ચાલો બધા ઘરે જઈએ અને મુસલ્લા લઈ આવીએ બાબા સાહેબ પણ ઘરે ગયા તેમની અમ્માને કહ્યું આજે અમો ખુલ્લા મૈદાનમાં બધા છોકરા નમાઝ અદા કરવાના છીએ. મેં કહ્યું છે કે નમાઝ પઢવાથી શકર મળે છે. એટલે હું ત્યાં જાઉં છું બધા બાળકો મારી રાહ જોતા હશે એમ કહી આપ મેદાનમાં આવી ગયા. બધા છોકરા મુસલ્લા સાથે વુઝુ કરીને નમાઝ પઢવા તૈયાર હતા ત્યાં બાબા ફરીદ ગંજે શકરની અમ્માની હાલત ચિંતાજનક હતી આપને આજે પોતાની એક ભુલ પર ઘણો જ અફસોસ હતો કે ઘરમાં તો હું શકર મુકતી હતી ત્યાં કોણ મુકશે ? એટલે આપની અમ્માએ નમાઝ અદા કરીને બારગાહે ઈલાહીમાં કરગરીને રડી રડીને દુઆ કરી કે મારા રબ અગર આજે આ બાળકોના મુસલ્લા નીચેથી મોરસ નહીં નીકળે તો તારા પ્રત્યે વિશ્વાસ ઉઠી જશે અને હું જુઠી સાબીત થઈ મારા મૌલા આજે મારી લાજ રાખી લે મારો

ફરીદ અને તેના દોસ્તો નીચે શકર મુકી દે તુ બહુ જ મોટી કુદરતવાળો છે. તારી ઈબાદતમાં દિલ લગાવવા હું આવું કરતી હતી. હવે પછીએ મારા મૌલા આવું નહીં કરૂં દીને ઈસ્લામનો સુતુન નમાઝ છે. નમાઝની અઝમત અને તેની બરકતને બર કરાર રાખજે મૌલા ! યા કરીમ કરમ કરી દે અને આજે બાબા ફરીદ અને તેના દોસ્તોના મુસલ્લા તળે શકર મુકી દે. મારા રબ રહમ ફરમાવી દે આ પ્રમાણે અલ્લાહની નેક બંદી જે મહાન વલીઅલ્લાહ હતા તેમની દુઆના શબ્દો પુરા થયાં ત્યાં નમાઝ ખતમ થઈ જ્યારે બાળકોએ મુસલ્લા ઉઠાવ્યા તો નીચે જે રેત (માટી) હતી તે તમામ શકર (મોરસ) બની ગઈ હતી. સુબ્હાનલ્લાહ ! આ બનાવથી પણ આપ 'ગંજેશકર' કહેવાયા હોય તેવું માનવામાં આવે છે. ખરેખર જે દુઆ દિલથી માંગવામાં આવે તે કદી રદ થતી નથી.

**જો બાત દિલસે નીકલતી હૈ અસર રખતી હય**
**પર નહી કુવ્વતે પરવાઝ મગર રખતી હય**

## હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર ફારૂકી

### રહમતુલ્લાહ અલયહનું

## દારે ફનાથી દારે બકા તરફ પ્રયાણ

ઝિંદગીના છેલ્લા શ્વાસ સુધી યાદે ઈલાહીમાં વ્યસ્ત રિયાઝત, ઈબાદત તકવા અને પરહેઝગારીથી ભરપુર તપસ્વી જીવન પૂર્ણ કરી આ ફાની (નાશવંત) જગતથી વિદાયનો સમય આવી પહોંચ્યો ત્યારે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહે અલ્લાહ તઆલાનું નામ યા હય્યો ! યા કય્યુમ ! નો વિર્દ ચાલુ રાખ્યો. પમી મોહર્રમુલ હરામની તારીખે સોમવારના દિવસે હી.સ.૬૬૪ના રોજ આપની રૂહે પાક દારે ફનાનો ત્યાગ કરી દારે બકા તરફ પ્રયાણ કરી ગઈ ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન.

આપની વફાત તારીખ બાબતે તમામ ઈતિહાસ કારો સંમત છે કે પમી મહોર્રમ છે પણ હીજરી સન બાબતે મતભેદ જોવા મળે છે. કેટલીક જગ્યાએ ૬૭૦ હીજરી તો કેટલીક જગ્યાએ ૬૭૭ હીજરી બતાવી છે પણ આધારભૂત કિતાબોમાં ૬૬૪ હીજરી જોવા મળે છે.

આપનો મઝાર શરીફ પાકિસ્તાનમાં આવેલ પંજાબ પ્રાંતના પાક પટ્ટન(અજોધન)માં છે. આપની દફનવિધિમાં આપના કાબેલ ફરઝંદો, અસંખ્યા ખલીફાઓ, હજારો મુરીદો અને મોઅતેકીદો હાજર હતા. ગમગીન ચહેરાઓ

અને રડતી આંખોએ વિશ્વના મહાનવલીને સુપર્દે ખાક કર્યા.

## દરગાહ શરીફનું બાંધકામ

પાક પટ્ટન શરીફમાં આવેલ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહની શાનદાર દરગાહ શરીફનું બાંધકામ પણ નિરાલો છે. આપના ખાસ ખલીફા હઝરત શૈખુલ ઈસ્લામ ખ્વાજા નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી દહેલવી રહમતુલ્લાહ અલયહ અને તેમના ખલીફા હઝરત અમીર ખુસરૂ રહમતુલ્લાહ અલયહે ખાસ ધ્યાનપૂર્વક મહેનત કરીને સંપૂર્ણ પાકી સાફી સાથે ઝિક્રે ઈલાહી સાથે દરગાહનું બાંધકામ કર્યું છે. હઝરત ખ્વાજા નિઝામુદ્દીન દિલ્હીથી ૨૦૦(બસો) હાફીઝે કુર્આન લાવ્યા હતા અને દરગાહના બાંધકામમાં ઉપયોગમાં લેવાની દરેક ઈંટ ઉપર એક કુર્આન શરીફ ખત્મ કરી તેના પર દમ કરાવીને પછી જ તે ઈંટનો ચણતરમાં ઉપયોગ થયો છે. - સુબહાનલ્લાહ !

## બાબે બહિશ્ત

આપના મઝાર શરીફને અડીને એક દરવાજો છે. જેનું નામ બાબે બહિશ્ત (જન્નતી દરવાજો) છે. દર મોહર્રમ મહીનામાં ૩(ત્રણ) દિવસ માટે આ જન્નતી દરવાજો ખુલ્લો કરી દેવામાં આવે છે. શ્રધ્ધાળુઓની એવી માન્યતા છે કે આ દરવાજામાંથી પસાર થનાર જન્નતી થઈ જાય છે. સુબ્હાનલ્લાહ બાબે બહિશ્તથી પસાર થતી વખતે આ કલ્માત પઢવામાં આવે છે. “અલ્લાહુમ્મા ઈન્ની અતુબા ઈલૈકા મીન કુલ્લેઝમ્બીન” આ દરવાજાથી મોટા મોટા ઔલિયા અને ઉલ્મા પસાર થયા છે અને થાય છે. પસાર થનાર પોતાની ખુશ નશીબી સમજે છે. સાચે જ હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહનો દરબાર આપની મૌજુદગીમાં પણ લોકો માટે ફૈઝ અને કરમનો ચશ્મો હતો અને આજે આપની દરગાહ શરીફ પણ ફૈઝ, કરમ, અતા, સખાનો દરિયો છે. આજે પણ કોઈ સાઈલ આપના દ્વારથી ખાલી જતો નથી. દરેક ધર્મના દરેક જ્ઞાતીના લોકો આપના દરબારમાં હાજરી આપવાને સદભાગ્ય સમજે છે. સાચે જ અલ્લાહવાળાઓની શાન નિરાલી હોય છે. તેમની શાનમાં સરસ શએર છે કે,

**ખાસાને ખુદા, ખુદા ન બાશદ**
**લેકિન ઝે ખુદા, જુદા ન બાશદ**

(અર્થ : ખુદાના ખાસ બંદા (વલીઅલ્લાહ) ખુદા નથી, પણ તેઓ ખુદાથી જરા પણ જુદા (અલગ) પણ નથી)

# અનમોલ બોલ

હઝરત શૈખ ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહ અલયહે રહેતી દુનિયા સુધી (કયામત સુધી) માનવજાતને ઉપયોગી થાય તેવા શિખામણના વચનો એટલે તેમના અનમોલ બોલનો કિંમત ખજાનો આપતા ગયા છે. દરેક બોલ સિરાતે મુસ્તકીમ બતાવે છે. થોડાક વચનોનો રૂહાની આ સ્વાદ માણીએ.

★ **અલ્લાહ તઆલાના બનીને રહો કારણ કે સૌ લે છે પરંતુ તે આપે છે તેનું આપેલું કોઈ ઝુંટવી શકતું નથી.**

★ **નફ્સ (મનેચ્છાઓ)ને પોતાના તાબા (કાબુ)માં રાખો તેને મનમાની કરવા દેશો નહીં. નહીં તો એ વધુ માંગણી કરશે.**

★ **ગુનોહ કરીને અભિમાન ન કરો.**

★ **તવંગરી (માલદારી) ઈચ્છતા હોવ તો કોઈની પણ ઈર્ષા ના કરો.**

★ **જે વસ્તુ ખરીદી ના શકતા હોવ તેને વેચશો નહીં.**

★ **તમારી મુસીબતને તમારી લાલચનું પરિણામ સમજો.**

★ **દરેક વ્યક્તીની રોટી ના ખાવ, પણ રોટી દરેકને ખવડાવો.**

★ **બાહ્યજીવન કરતાં તમારું ખાનગી જીવન ઉજળુ રાખો.**

★ **અક્કડપણું (જીદ) અને નાદાનવૃત્તિને તમારી કમજોરી સમજો.**

★ **વાતને કેવળ અટકળ (ધારણા)થી ન કહો.**

★ **દીનની હિફાઝત (રક્ષા) ઈલ્મથી કરો.**

★ **જહોજલાલી અને જાહેરી માલ-મિલકત માટે મન મેલુ ના કરો.**

★ **પુરૂ યુદ્ધ ના લડો. સુલેહ માટે થોડીક ગુંજાઈશ રાખો.**

★ **બરબાદ થઈને પણ હુનર-કળા જરૂર શીખો.**

★ **દુશ્મનને યુક્તિથી પછાડો, મિત્રને નમ્રતાથી અપનાવો.**

★ **શણગાર અને સજાવટમાં મશગુલ ના રહો.**

★ **દુનિયાદારોની સોહબતમાં રહીને દીનદારીને ભુલશો નહીં.**

★ **મૃત્યુને કોઈપણ સ્થળે ભુલશો નહીં.**

★ **જે દુરવેશ (ફકીર) માલદારીનો તલબગાર હોય તો તેને લાલચુ સમજો.**

★ **કોશીશ એવી કરો કે મરીને તમે જીવંત બની જાવ.**

હઝરત બાબા શૈખ ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહના આ અનમોલ બોલ વાંચવાની સમજવાની અને તેના પર અમલ કરવાની નેક તૌફીક અતા કરે. આમીન.

શજ-રએ મુબારક સિલ-સિલાએ

આલિયા ચિશ્તિયા કરીદિયા

હાઝા શ-જ-રતુન તૈયિ-બતુન અસ-લુહા સાબિતુંવ વ ફર-ઉહા ફિસ-સમાઈ

યા ઐયુહલ લઝી-ન આ-મનૂત-તકુલ્લાહ વબ-તગૂ ઈલય-હિલ
વસી-લતા વ ઝાહિદુ ફી સબીલિહી લ-અલ્લકુમ તુફ-લિહુન

બ ગદાંબે બલા ઉફતા-દ કશ્તી, ઝઈફાનો શિકસ્તા-રા તૂ પુશ્તી
બ હક્કે ખ્વા-જએ ઉસ્માન હારૂન, મદદ કુન, યા મુઈનુદ્દીન ચિશ્તી

૧. યા ઈલાહી! રહ-મતલ-લિલ આ-લમીં કે વાસ્તે
સૈયદે કૌનૈન ખત્મુલ મુર્સલીંકે વાસ્તે
તુઝકો દેતા હૂં શફીઉલ મુઝ-નબીંકા વાસ્તા
ચાહતા હૂં બેહતરી દુનિયા વ દીંકે વાસ્તે
યા ઈલાહી! દોનોં આલમમેં હમારે ઐબ ઢાંપ
૨. હૈદરે કર્રાર, અમીરૂલ મો'મિનીંકે વાસ્તે
ઈત્તિબાએ સર-વરે કૌનૈન, કર હમકો અતા
૩. ખ્વાજા હસન બસરી, રઈસુત્તાબિઈંકે વાસ્તે
૪. બખ્શ હમકો અઝ તુફૈલે અબ્દે વાહિદ ઈબ્ને ઝૈદ
૫. શાહ ફુઝૈલ ઈબ્ને અયાઝ, બિલ યકીંકે વાસ્તે
યા ઈલાહી! દિલસે મેરે હુબ્બે દુનિયાકો મિટા
૬. ગૌસ ઈબ્રાહીમ અદહમ શાહે દીંકે વાસ્તે
૭. કર દે રૌશન ચશ્મે દિલ, બહરે હુઝૈફા મર-અશી
૮. ઔર હબીરા બસરી શૈખુલ આબિદીંકે વાસ્તે
યા ઈલાહી! વહદતે શર્ફાસે માલામાલ કર
૯. ખ્વાજા મમશાદે ઉલૂ, હાદીએ દીંકે વાસ્તે
યા ઈલાહી! દે તરક્કી ખૂબ, ઝૌકો શૌકમેં
૧૦. શૈખ અબૂલ ઈસ્લાક, ખૈરુલ મુત્તકીંકે વાસ્તે
ચાહતે હૈં તુઝસે, તેરી ઝાતકા, યા રબ! વિસાલ
૧૧. ખ્વા-જએ અબ્દાલ અહમદ, બદરે દીંકે વાસ્તે
ભેદ હમ પર 'નહનુ અકબર'કા ઈલાહી! ખોલ દે
૧૨. બૂ-મોહમ્મદ શાહ કુત્બુલ કામિલીંકે વાસ્તે
ઔર 'નફખ-તૂ ફીહ મીર-રૂહી' કે ભી અસ્રારકો
૧૩. ખોલ અબૂ યુસૂફ, સિરાજુસ-સાલિકીંકે વાસ્તે
યા ઈલાહી! પર્દએ ગફલત ઉઠા દે આંખસે
૧૪. ખ્વા-જએ મૌદૂદ ચિશ્તી, મેહરે દીંકે વાસ્તે

ઝાહિરો બાતિન હમારા નૂરસે મા'મૂર કર
૧૫. ખ્વા-જએ હાજી શરીફુલ ઝિન્દનીકે વાસ્તે
યા ઈલાહી ! મા'રિફત અપની ઈનાયત કર હમેં
૧૬. ખ્વા-જએ ઉસ્માન હારૂને અમીંકે વાસ્તે
યા ઈલાહી! મસ્ત-બેખુદ બા-દએ વહદતસે કર
૧૭. ખ્વાજા મુઈનુદીં હસન સુલતાને દીંકે વાસ્તે
યા ઈલાહી! ગલ-બએ ઈશ્કો મુહબ્બત કર અતા
૧૮. ખ્વાજા કુત્બુદીન કાકી કુત્બે દીંકે વાસ્તે
યા ઈલાહી! દિલકો કર ગંજી-નએ અસ્રારે કુદસ
૧૯. ખ્વજા ફરીદુદીન ઈમામુલ આબિદીંકી વાસ્તે
યા ઈલાહી! ફૈઝે બાતિનસે હમેં કર બહરા-વર
૨૦. ખ્વાજા બદરૂદ્દીન રઈસુલ વાસિલીંકી વાસ્તે
૨૧. શાહ અલાઉદ્દીન યૂસુફ 'મોજે દરિયા' કે લિયે
૨૨. ઔર મોઈઝુદીં સુલૈમાન, શમ્એ દીંકે વાસ્તે
ખોદ દે દિલકે નગીં પર નકશ અપને ઈશ્કકા
૨૩. ખ્વાજા ફુઝૈલે સાહિબે તાજો નગીંકે વાસ્તે
રખ સદા રાહે હિદાયત પર હમેં સાબિત કદમ
૨૪. હાદીએ બરહક, મુનવ્વર નૂરે દીંકે વાસ્તે
૨૫. કર કરમ મખ્દૂમ નૂરૂદ્દીન દીવાનકે લિયે
૨૬. ઔર બહાઉદ્દીન હારૂને અમીંકે વાસ્તે
હાં તજલ્લીયાતે લાહુતીકા પરતવ હમપે ડાલ
૨૭. ખ્વાજએ અહમદ અમીરુલ આશિકીંકે વાસ્તે
યા ઈલાહી! હમકો લેલે અપને કુર્બે ખાસમેં
૨૮. ખ્વાજા અતાઉલ્લાહ શૈખે સાલિહીકે વાસ્તે
૨૯. ઔર શાહે એહલે દિલ, દીવાન મુહમ્મદ કે લિયે
૩૦. ખ્વાજા ફરીદે સાની ઈબ્રાહીમ અમીંકે વાસ્તે
યા ઈલાહી! ઝોહદો તકવાકી ભી ને'મત કર અતા
૩૧. તાજે દીં, મહમૂદ, શૈખુલ કામિલીંકે વાસ્તે
ખોલ દે હમ પર હકીકતે મોહમ્મદીકા બાબ તૂ
૩૨. શાહ ફત્હુલ્લાહ અમીરૂલ આબિદીંકે વાસ્તે
યા ઈલાહી! કર અતા તસ્ફી-એ-બાતિન ભી હમેં
૩૩. ખ્વાજા મોહયુદીન ખૈરુલ આ-લમીંકે વાસ્તે
બા-ખબર કર જઝ-બએ શુકો કનાઅતસે હમેં
૩૪. ખ્વાજા ઈબ્રાહીમ ઈમામુલ આશિકીંકે વાસ્તે
યા ઈલાહી! ઈશ્કો ઉલ્ફતકા રહે દિલમેં નિઝામ
૩૫. શાહ નિઝામુદ્દીન કુત્બુલ મુત્તકીંકે વાસ્તે

## સંદર્ભ સાહિત્ય

હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજશકર રહમતુલ્લાહ અલયહના પવિત્ર જીવનની આ અલ્પ માહિતી એકઠી કરવામાં મને જે કિતાબો મદદરૂપ બની છે તે ઐતિહાસિક પુસ્તકોની નામાવલી નીચે રજૂ કરૂં છું.

(૧) તવારેખુલ ઔલિયા ભાગ-૨ (ઉર્દૂ)
લેખક : સૈયદ ઈમામુદ્દીન ગુલશનાબાદી

(૨) તઝકેરતુલ અન્સાબ (ઉર્દુ)
લેખક : સૈયદ ઈમામુદ્દીન ગુલશના બાદી

(૩) મઝાહેરૂલ અન્સાબ (ફારસી) કલમી
લેખક - પીર મો.શમ્સુદ્દીન 'શમ્સ' ચિશ્તી ફરીદી

(૪) આબે કૌસર (ઉર્દુ)
લેખક - ડો. શેખ મોહંમદ ઈકરામ

(૫) હરીયાલા વતન (ગુજરાતી)
લેખક - નઝીર શાયર (પેટલાદ

(૬) તયબાહ (માસિક) અહમદાબાદ

## બાબા ફરીદના વંશજો

ગુજરાતમાં હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજશકર રહમતુલ્લાહ અલયહની ઔલાદમાં કેટલાક નામવર બુઝુર્ગો થઈ ગયા છે. અને કેટલાક ગુમનામ પણ છે. ગુજરાતની પુરાણી રાજધાની અણહીલવાડ પાટણ એટલે કે આજનું પાટણ જે નહરવાલા પીરાનપટ્ટન નામથી પણ ખ્યાતી ધરાવતું હતું. આ પાટણમાં ફરીદી ખાનદાનના એક મહાન સુફી શાકિર અને સાબીર બુઝુર્ગનું નામ ઘણું જ ખ્યાતનામ છે અને તે છે.

## હઝરત શૈખ રૂકનુદ્દીન કાનેશકર
## ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ રૂકનુદ્દીન છે. પણ પાટણમાં લોકો આપને શૈખ ફરીદના નામથી ઓળખે છે. આપનો શજર એ નસબ આ પ્રમાણે છે શૈખ રૂકનુદ્દીન કાનેશકર બીન શૈખ ઈલ્મુદ્દીન બીન શૈખ અલાઉદ્દીન બીન શૈખ બદરૂદ્દીન સુલૈમાન બીન શૈખ બાબા ફરીદુદ્દીન ગંજશકર રહમતુલ્લાહે તઆલા અજમઈન.

અહમદાબાદ શહેરની સ્થાપના કરનાર બાદશાહ અહમદશાહ હઝરત રૂકનુદ્દીન કાનેશકરનો મુરીદ હતો. આપનો ઈલ્મ, અમલ અને તવક્કલમાં કોઈ સાની ન હતો. તવક્કલમાં અલ્લાહની ઝાત પર એટલો ભરોસો કે પીવા માટે પાણીની માટલી પણ ઘર રાખતા ન હતા. આપ એવું ફરમાવતા હતા કે જે અલ્લાહે મને અત્યારે પાણી પાયું છે તેજ અલ્લાહ હવે પછી પણ પીવડાવી દેશે આવો દૃઢ વિશ્વાસ એટલે તવક્કલ હતો. સુબ્હાનલ્લાહ.

હઝરત રૂકનુદ્દીન કાનેશકર હઝરત શૈખ ઝાહિદ ચિશ્તીના મુરીદ અને ખલીફા હતા. આપના તકવા અને ખિદમતે ખલ્કની વાતો પુરા ભારત દેશમા વાયુ વેગે વહેંતી થઈ. દૂર દૂરથી લોકો આપના દિદાર માટે આવતા હતા અને ગુલબર્ગોથી મહાન વલીએ કામીલ હઝરત ખ્વાજા બંદાનવાઝ ગેસુદરાઝ રહમતુલ્લાહ અલયહ આપની મુલાકાત માટે પાટણ પધાર્યા હતા.

બન્ને વલી એક બીજાથી મલ્યા સોહબતે સાદેકાં હાંસિલ થઈ શરીઅત અને તરીકતની ચર્ચા થઈ તસવ્વુફ અને તવક્કલની વાતો થઈ બુઝુર્ગાને દીનની સીરતની ચર્ચા થઈ સવાલ-જવાબ થવા લાગ્યા ત્યારે હઝરત ખ્વાજા બંદા નવાઝ ગેસુદરાઝ (રહમતુલ્લાહ અલયહ)શૈખ રૂકનુદ્દીન કાનેશકરને સવાલ પુછયો કે હઝરત આજકાલ બાયઝીદ બુસ્તામી અને જુનેદ બગદાદી જેવા બુઝુર્ગો કેમ દેખાતા નથી તો જવાબમાં આપે કહ્યું કે આજના સુફીઓ પોતાની કમર પર પૈસાની થેલી બાંધીને ફરતા હોય તો પછી આજના સુફીઓમાં કોઈ બાયઝીદ બોસ્તામી કે જુનેદ બગદાદી જેવા વલી કયાંથી બની શકે ! જવાબ સાંભળીને હઝરત બંદાનવાઝ રહમતુલ્લાહ અલયહ ઘણા જ શરમીંદા (લજ્જીત) થયા કારણ કે તેમની જ કમરમાં વાટ ખર્ચી અર્થે લીધેલ પૈસાની થેલી બાંધેલી હતી નમ્ર બનીને હઝરત ખ્વાજા બંદાનવાઝે કહ્યું કે હઝરત મારી પાસે જે રકમ છે તે તો મેં મારી વાટ ખરચી માટે રાખી છે તો જવાબમાં હઝરત શૈખ રૂકનુદ્દીન કાનેશકરે કહ્યું કે મિયાં ! જે અલ્લાહ આપણી સાથે

વતનમાં કે ઘરમાં હોય છે તેજ અલ્લાહ આપણી સાથે મુસાફરીમાં પણ હોય છે. જો આવો તવક્કલ પૈદા થાય તો બાયઝીદ બોસ્તામી અને જુનેદ બગદાદી જેવા સુફીઓના દિદાર થાય. તવક્કલ (અલ્લાહની ઝાત પર પુરો ભરોસો)માં ગુજરાત તો શું ભારતભરમાંથી આપની મિસાલ મળતી નથી આપની અનેક કરામતો હતી ફરીદી ખાનદાનના આ મહાન વૈરાગી દુરવેશે ૨૨મી શવ્વાલ હીજરી સન ૮૪૨ના રોજ આ ક્ષણભંગુર જગતથી વિદાય લીધી આપનો શાનદાર રોઝો પાટણમાં સરસ્વતી નદી (કુંવારકા)ના કાંઠે આવેલો છે. આપની ઔલાદમાં હાલ પીરે તરીકત કુત્બુદ્દીન અલાઉદ્દીન ચિશ્તી ફરિદી સાહેબ હયાત છે. આપના ગાદીનશીન છે.

### હઝરત તાજુદ્દીન મહેમૂદ કુત્બેઝમાં ચિશ્તી, ફરીદી, ફારૂકી, (રહમતુલ્લાહ અલયહ)

આપ બાબા ફરીદની ઔલાદ છે. આપનું નામ તાજુદ્દીન મહેમૂદ છે કુત્બેઝમાં આપનો લકબ છે. આપ પોતાના સમયના કુતુબ હતા સિલસિલાએ ચિશ્તીયા ફરીદીયાના પ્રચાર અર્થે આપ ગુજરાત આવ્યા હતા અને ૧૪ દિવસ રોકાયા હતા આપનો ઈલ્મ, અમલ, તકવા અને રૂહાની એજાઝથી લોકો અંજાયા હતા અને મુરીદ બન્યા હતા.

### હઝરત સૈયદ પીર મશાયખ બાવા ચિશ્તી રહમતુલ્લાહ અલયહ

ગુજરાતમાં સુન્ની હનફી મશાયખી મોમીન જમાત પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. આ મોમીન જમાતના પીર વ મુરશદના વડા દાદા હઝરત સૈયદ પીર મશાયખ બાવા ચિશ્તી રહેમતુલ્લાહ અલયહ છે. જેમની દરગાહ અહમદાબાદમાં સારંગપુરમાં ચાર તોડા કબ્રસ્તાનમાં આવેલ છે. હઝરત પીર મશાયખ બાવા પોતાના સમયના વલીએ કામીલ, આલીમે દીન હતા. તેઓ કામિલ પીરની તલાશમાં હતા.

જયારે હઝરત તાજુદ્દીન મહેમૂદ કુત્બેઝમા ચિશ્તી ફરીદી ફારૂકી અહમદાબાદ પધાર્યા તો આપની સેવામાં પીર મશાયખ બાવા પણ ગયા અને તેમનાથી એટલા પ્રભાવિત થયા કે, તેમના મુરીદ બન્યા અને તેમનાથી ચિશ્તીયા સિલસિલાની ખિલાફત પણ પ્રાપ્ત કરી લીધી આ રીતે જોતા હઝરત પીર સૈયદ મશાયખ બાવા ચિશ્તી ફરીદી રહમતુલ્લાહ અલયહને રૂહાની ફૈઝાન પણ બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહની ઔલાદથી મલ્યો છે. જે ઘણી જ ગૌરવની વાત છે.

હઝરત પીર સૈયદ મશાયખ બાવા રહમતુલ્લાહ અલયહ મહાન આલીમ, સુફી અને પ્રખ્યાત શાયર હતા આપે તે સમયની લોકબોલી ઉર્દુમાં દિવાને મશાયખ નામે મહાન ગ્રંથનું નિર્માણ કર્યું છે. આ દિવાને મશાયખ કુલ ૧૮ ભાગમાં છે. જેના બીજાં ભાગનું નામ "મકતુલનામા" છે. આ બીજા ભાગના પેજ નં.૩૦૮ ઉપર પીર મશાયખ બાવાએ હઝરત શૈખ તાજુદ્દીન મહેમૂદ કુત્બેઝમાંથી મુરીદ બનવાની અને ખિલાફત મેળવવાની વાત સ્પષ્ટ કરી છે. તા.૧-૩-૨૦૧૪ના તયબાહ (માસીક)ના અંકના પેજ નં.૧૯ ઉપર પીર મશાયખ બાવાના પીર ફરીદી શાહઝાદા તાજુદ્દીન મહેમૂદ હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. દિવાને મશાયખના ભાગ-૨ મકતુલનામામાં પીર મશાયખ બાવા ચિશ્તી રહમતુલ્લાહ અલયહ લખે છે કે,

(૧)

સુનો એક શૈખઝાદા ખુબ થા દેખાયા
સો તકવા કરતા નજર આયા
ઓનું ચિશ્તી કેરી થી ખિલાફત પાઈ
વે શિજરે કેરી રીત મુજકો દેખાઈ
મે ખિલાફત કેરી સબ દેખી રે નિશાની
તબ ઓસ પાસો ખિલાફત તો રે ચાહી
વોહ પરદેશ સોતી ગુજરાત થે આયે
દિન થોડે રેનો ફેર ગએરે સોણાએ
શૈખ તાજુલ સાલેહ થા અનુકા નામા
વો ચઉદ રોઝ રહે થે ગુજરાત ઠામા (દિવાને મશાયખ)

●●●

# અહમદાબાદ અને વઢવાણના ફરીદી પીરઝાદાઓ

### ફારૂકી વૃક્ષની, ફરીદી ડાળ પર, બદરીયા પુષ્પોની ચિશ્તીયા મહેક

હઝરત ખ્વાજા ફરીદુદ્દીન મસ્ઉદ ગંજેશકર રહમતુલ્લાહ અલયહના ખલીફાઓની સંખ્યા લગભગ ૫૮૪૨થી પણ વધુ હોવાનો અંદાઝ છે. ચિશ્તીયા સિલસિલાના દુનિયામાં જાહેર કરવામાં અને તેનો ફૈઝાન પુરી દુનિયામાં પહોંચાડવાનું કામ સારી રીતે અગર કોઈએ અંજામ આપ્યું હોય તો બાબા ફરીદ ગંજશકરની મુબારક ઝાતે બા બરકાત છે. ભારતમાં જે વૃક્ષના બીજ ખ્વાજા ગરીબનવાઝ મોઈનુદ્દીન હસન ચિશ્તીએ વાવ્યા હતા તેને છોડ તરીકે માવજાત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકીએ આપી અને એજ છોડને મોટો ઘટાદાર વૃક્ષનું રૂપ આપનાર બાબા ફરીદ અને તેમના ખલીફાઓ અને આપની ઔલાદ છે. આ ખિદમત આપનાર ગુજરાતના ખાસ કરીને અહમદાબાદ અને વઢવાણમાં રહેતા ફરીદી પીરઝાદાઓની આછી ઓળખ જોઈએ.

હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહના ફરઝંદ (પુત્ર) અને ખલીફા હઝરત શૈખ બદરૂદ્દીન સુલૈમાન રહમતુલ્લાહ અલયહ ઘણા જ જ્ઞાની અને ધર્મ પારાયણ હતા. તેથી જ પોતાના પિતાની ગાદીના વારસ બન્યા તેમની ઔલાદમાંથી એક બુઝુર્ગ દીનની તબ્લીગ અને ચિશ્તીયા સિલસિલાના પ્રચાર અર્થે હઝરત તાજુદ્દીન મહેમૂદ ગુજરાત આવ્યા લગભગ ૧૪ દિવસ રોકાયા અસંખ્ય લોકોને મુરીદ બનાવી પાછા વતન પાક પટ્ટન ચાલ્યા ગયા ત્યારબાદ ઘણા સમય પછી આપના પુત્ર હઝરત શાહ ફતેહઉલ્લાહ ચિશ્તી ફરીદી સાહેબ અહમદાબાદ પધાર્યા અને આપે અહમદાબાદને પોતાનું વતન બનાવ્યુ. અને અહિંયા જ સ્થાઈ થઈ ગયા અહમદાબાદમાં ચિશ્તીયા ફરીદી ખાનકાહની સ્થાપના થઈ ભાલપ્રદેશ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આપે દૌરા કર્યા અસંખ્ય લોકો આથી મુરીદ બન્યા.

બાબા ફરીદ ગંજશકરની ઔલાદમાં સૌપ્રથમ અહમદાબાદ આવનાર આ બુઝુર્ગ હઝરત પીર ફતેહઉલ્લાહ ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ છે.

### હઝરત શાહ ફતેહઉલ્લાહુ ચિશ્તી ફરીદી રહમતુલ્લાહ અલયહ

આપ બાબા ફરીદની ઔલાદમાંથી એ બુઝુર્ગ છે જેઓ પાક પટ્ટનથી અહમદાબાદ આવી સ્થાઈ થનાર પ્રથમ બુઝુર્ગ છે. અહમદાબાદના રાહે ખૈર (રાયખડ)માં સૈયદવાડમાં આ બુઝુર્ગની ઔલાદ હાલ મૌજુદ છે જેઓ ચિશ્તી ફરીદી ખાનદાન તરીકે ઓળખાય છે. હઝરત પીર શાહ ફતેહઉલ્લાહ સાહેબે પોતાના ફરઝંદ પીર શાહ મોહયુદ્દીનને પોતાની ખિલાફતથી નવાઝી દીનની ખિદમતની જવાબદારી સોંપી આપના ઈલ્મ, અમલ અને કશ્ફો કરામતથી ગુજરાતમાં ચિશ્તી ફરીદી સિલસિલાની બોલબાલા થઈ વાલિદના નકશે કદમ પર ચાલી ખિદમતે ખલ્ક કરીને લોકોને સીરાતે મુસ્તકીમ પર લાવ્યા દીનની સમજ આપવા લાગ્યા લોકોમાં આપની ઘણી ચાહના વધી ગઈ. હઝરત પીર શાહ ફતેહઉલ્લાહ અને હઝરત પીર મોહયુદ્દીન ચિશ્તી ફરીદી રહમતુલ્લાહ અલયહ બન્નેના મઝાર શરીફ અહમદાબાદમાં ઉસ્માનપુરામાં આવેલ હઝરત સૈયદ ઉસ્માન શમ્એ બુરહાની રહેમતુલ્લાહ અલયહની દરગાહના કંપાઉન્ડમાં આવેલ છે.

### હઝરત પીર ઈબ્રાહીમમિયાં ઉર્ફે શાહજીમિયાં ચિશ્તી ફરીદી, ફારૂકી, રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર ઈબ્રાહીમ મિયાં ઉર્ફે શાહજીમિયાં સાહેબ પણ ઘણા મોટા આલીમ મુત્તકી અને સાહેબે કરામત બુઝુર્ગ હતા. આપે પોતાના વાલિદ પાસેથી જ રૂહાની વારસો હાંસિલ કર્યો. આપે શહેર અહમદાબાદ અને સૌરાષ્ટ્રમાં દીની ખિદમાતનો ડંકો વગાડી દીધો. આપના બાળપણની કરામત મશહુર છે. આપ નાની ઉમરના હતા પોતાના વાલીદ પીર મોહયુદ્દીન સાથે જામનગર ગયા હતા. આપને કેટલાક મુરીદો બજારમાં ફરવા લઈ ગયા. બજારમાં તે વખતે દરબારી ઘોડાનો રસાલો નિકળ્યો આપે મુરીદોને કહ્યું કે મારે તો આ શાહી ઘોડાની સવારી કરવી છે. મુરીદોએ આપને સમજાવ્યા કે બાપુ આ ઘોડા તો સરકારના છે. આપણને ના બેસાડે ચાલો આપણે ઘરે જઈએ તમને અમે બીજા ઘોડાની સવારી કરાવીશું પણ બાપુએ તો બાળહઠ પકડી નહીં મારે તો આ શાહી ઘોડા પર જ બેસવું છે. મુરીદોએ દરબારના માણસોને આ બાપુના દિકરાને થોડીકવાર બેસવા કહ્યું પણ જો સરકારી માણસો માન્યા નહીં અહિંયા બાપુ ખુબ જીદ પકડતા જતા હતા. છેવટે હઝરત પીર ઈબ્રાહીમ મિયાં એ કહ્યું કે, જો ઘોડા પર નહીં બેસાડો, તો સામે જે દિવાલ ઊભી છે તેના પર

બેસાડી દો. આખર આપની જીદને તાબે થઈ મુરીદોએ દિવાલ પર બેસાડ્યા કે તરત જ દિવાલ ઘોડાની જેમ ચાલવા લાગી આખી બજાર આપની કરામત જોઈ દંગ થઈ ગઈ. આ બનાવ જામનગરમાં જ બન્યો હતો એવી લોકવાયકા છે. આપનો ઈન્તકાલ પણ જામનગરમાં થતા. આપને ત્યાં જ દફન કરવામાં આવ્યા આપનો મઝાર જામનગરમાં વોરાના હઝીરા પાસે છે.

## હઝરત પીર નિઝામુદ્દીન ઉર્ફ નિઝામ શાહ ચિશ્તી, ફરીદી, ફારૂકી, રહમતુલ્લાહ અલયહ

પીર નિઝામુદ્દીન ઉર્ફે નિઝામ શાહ રહમતુલ્લાહ અલયહને પોતાના વાલિદ પીર ઈબ્રાહીમ શાહ ઉર્ફ શાહજીમિયા સાહેબથી ખિલાફત મળી હતી પોતાના વડવાઓના માર્ગે ચાલીને આપે પણ એક ખાસ દરજ્જો હાંસિલ કર્યો હતો. આજે પણ આપના આસ્તાના પરથી લોકો ફૈઝ હાંસિલ કરી રહ્યા છે. તંગદસ્તી દુર થવી, ઔલાદ નસીબ થવી, કોર્ટ-કચેરીમાં કામયાબી મળવી, બિમારી મટી જવી આવા અનેક વાકેઆ સાંભળવા મળે છે. ૨૩ સવ્વાલે આપનો ઉર્સ ઉજવાય છે. આપની ઔલાદમાં પાંચ(૫) દિકરા અને એક (૧) દિકરી હતી જેમના નામ આ પ્રમાણે છે. (૧) ફરીદુદ્દીન (૨) હીસામુદ્દીન (૩) શહીદ નસીરૂદ્દીન (૪) રહીમુદ્દીન (૫) અમીરૂદ્દીન અને દિકરી ખૈરૂન્નીસા હતા. આપની ઔલાદનો સિલસિલો બે દિકરાઓથી આજ સુધી ચાલુ છે. (૧) ફરીદુદ્દીન ઉર્ફે બળામિયાં જેની ઔલાદ અહમદાબાદમાં રહે છે. (૨) હીસામુદ્દીન જેમની ઔલાદ વઢવાણમાં રહે છે. નશીરૂદ્દીન નામના દિકરા શહીદ થયા છે. તેમની શહાદત કેમ થઈ કયારે થઈ તે જાણી શકાયું નથી. જયારે રહીમુદ્દીન અને અમીરૂદ્દીનને લા અકબ (બે ઔલાદ) બતાવવામાં આવે છે. હઝરત નિઝામુદ્દીન ઉર્ફે નિઝામ શાહ રહમતુલ્લાહની દરગાહ અહમદાબાદમાં રાયખડ ચાર રસ્તા પાસે આઈ.પી.મીશન હાઈસ્કૂલની સામે આવેલ છે. આપની દરગાહને અડીને એક શોપીંગ સેન્ટર આવેલું છે. ૨૩ શવ્વાલે ઉર્સ ઉજવાય છે.

હઝરત પીર નિઝામુદ્દીન રહેમતુલ્લાહ અલયહ પછી આપના એક દિકરા ફરીદુદ્દીન ઉર્ફ બળામિયાં જે અહમદાબાદમાં રહ્યા તેમની ઔલાદ પણ અહમદાબાદમાં છે. તેમને અહમદાબાદના ફરીદી પીરઝાદા તરીકે ઓળખીશું અને હિસામુદ્દીન જેઓ વઢવાણ ગયા તેમની ઔલાદને વઢવાણના ફરીદી પીરઝાદા તરીકે ઓળખીશું.

## અહમદાબાદના ફરીદી પીરઝાદાઓ

### હઝરત પીર ફરીદુદ્દીન ઉર્ફ બળામિયાં રહમતુલ્લાહ અલયહ

ચિશ્તીયા ફરીદીયા ખિલાફતનો સિલસિલો આગળ કૂચ કરતો પીર નિઝામુદીન સુધી અને તે પછી આપના ફરઝંદ, મુરીદ અને ખલીફા હઝરત ફરીદુદ્દીન ઉર્ફ બળામિયાં સાહેબ સુધી સીના-બ-સીના આવી પહોંચ્યો. આપના મઝારની નિશાની મળતી નથી. આપના બે ફરઝંદ હતા (૧) પીર મોઈનુદ્દીન ઉર્ફે હાજી દાદામિયાં (૨) પીર કુત્બુદ્દીન ઉર્ફે પીરમિયાં સાહેબ. આ બન્ને ભાઈ વાલિદના રૂહાની વારસ બન્યા. ચિશ્તીયા સિલસિલાને ગુજરાતમાં ઉજાગર કર્યો.

### હઝરત પીર મોઈનુદ્દીન ઉર્ફે હાજી દાદામિયાં

ફરીદી ખાનદાનના આ બુઝુર્ગની દીની સેવાની સુવાસ દૂર દૂર સુધી પ્રસરી હતી ગુજરાતના સિમાડો પાર કરીને મુંબઈ સુધી આપના હજારો મુરીદો હતા આપનું નામ તો મોઈનુદ્દીન હતું પણ હાજી દાદામિયાંના નામથી ખ્યાતી ધરાવતા હતા. ઈલ્મ અને અમલમાં આપ અજોડ હતા. આપની ઔલાદમાં એક ફરઝંદ શમ્સુદ્દીન હતા અને ૩ દિકરીઓ હતી (૧) સઈદાબીબી (૨) ફાતેમા બીબી (૩) અસ્મત બીબી. હઝરત પીર મોઈનુદ્દીન ઉર્ફે હાજી દાદામિયાં સાહેબ મુંબઈમાં વફાત પામ્યા આપનો મઝાર મુબારક મુંબઈમાં છે. આપની વફાત ૧૪ ઝીલકાદ હી.સ.૧૩૨૭, તા.૨૭-૧૧-૧૯૦૯ શનિવારના રોજ થઈ.

### હઝરત પીર કુત્બુદ્દીન ઉર્ફે પીરમિયાં

હઝરત પીર કુત્બુદીન ઉર્ફે પીરમિયા સાહબ રહમતુલ્લાહ અલયહને પોતાના વાલિદ પીર ફરીદુદ્દીન ચિશ્તી ફરીદી સાહેબથી ખિલાફતની નેઅમત મળી છે. આપ મોટા આબીદ અને ઝાહિદ બુઝુર્ગ હતા. આપની ઔલાદમાં બે ફરઝંદ હતા (૧) હઝરત પીર સદરૂદ્દીન અને (૨) હઝરત પીર બદરૂદ્દીન બન્ને ભાઈઓએ દુરવેશાના ઝિંદગી ગુઝારી છે. દીનની ખિદમત અંજામ આપી છે. હઝરત પીર કુત્બુદીન ઉર્ફે પીરમિયા ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહનો મઝાર અહમદાબાદમાં જમાલપુર દરવાજા બહાર બાવા લુઅલુઈ સાહેબના કબ્રસ્તાનમાં આવેલ છે.

### હઝરત અબુલખૈર પીર મોહંમદ શમ્સુદીન "શમ્સ" ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર મોહંમદ શમ્સુદીન "શમ્સ" રહમતુલ્લાહ અલયહ હઝરત

પીર હાજી દાદામિયાં સાહેબના ફરઝંદ અને આપના રૂહાની વારસદાર જાંનશીન હતા. આપ અરબી, ફારસી અને ઉર્દૂના મહાનઆલીમ અને બહુજ મોટા શાયર હતા "શમ્સ" આપનું તખલ્લુસ હતું ચિશતીયા પ્રણાલિકા પ્રમાણે આપ માથા પર ચાદર (ઓઢણી) ઓઢતા હોવાના કારણે અહમદાબાદના મશાયખોમાં આપ શમ્સુદીન ઓઢણાવાળા તરીકે ઓળખાતા હતા. ફારસી ભાષાના આપ નિષ્ણાત આલીમ હતા આપે ઘણી કિતાબોનું સંપાદન કર્યું છે. ફારસી કલામના સંગ્રહનું નામ "શમ્સુલ કલામ" છે. આઝાદીની ચળવળ વખતે આપની યુવાનીની શરૂઆત હતી. "મુસ્લિમ લીંગ"માં જોડાયા અને મુસ્લિમ લીંગ માટે જે નઝમો રચના કરી તેનો સંગ્રહ "નગમાતે મુસ્લિમ લીંગ" તરીકે પ્રસિદ્ધ થઈ ગયો છે. ફરીદી ખાનદાનના શજરએ નસબ એટલે પેઢીનામું આપે એક શાનદાર કિતાબના રૂપમાં લખીને ઐતિહાસિક કિતાબ તૈયાર કરી ગયા છે જેનું નામ છે. "મઝાહેરૂલ અન્સાબ" આપનો આ અનમોલ તોહફો પાછળની પેઢીઓ માટે ઘણો જ ઉપયોગી સાબિત થયો છે. ખરેખર શમ્સુદીન બાવા એક અહેસાને અઝીમ કરી ગયા છે. આપ આલીમે દીન, શાયરે ઈસ્લામ, મુસન્નીફે બે મિસાલ, આબીદો ઝાહિદ વલીએ કામીલ બુઝુર્ગ હતા. આપથી ઘણી કરામતો પણ જાહેર થઈ છે. હઝરત પીર શમ્સુદીન 'શમ્સ' ચિશતી, ફરીદી રહમતુલ્લાહ અલયહના મુરીદો અને મોઅતેકીદોની સંખ્યાનો આંકડો જડતો નથી ગુજરાતના ભાલ પ્રદેશ અને સૌરાષ્ટ્ર, મુંબઈ, કરાંચી, વિગેરેમાં મુરીદોની સંખ્યા લાખોમાં હોવાની સંભાવના છે. આપને મહેફીલે શમાનો પણ શોખ હતો. આપની ઔલાદમાં એક ફરઝંદ હઝરત પીર મોઈનુદીન ઉર્ફે પીર ફર્રૂખમિયા અને બે દિકરીઓમાં (૧) સઈદુન્નીસા અને બીજી દિકરી હાફેઝા જમાલ હતા. આપનો ઉર્સ ૧૯ ઝીલકાદના દિવસે શાનદાર રીતે ઉજવાય છે. આપનો મઝાર રૂપાલ તા. બાવલા જી.અહમદાબાદમાં હઝરત પીર જમીયલશાહ દાતારની દરગાહના કંપાઉન્ડમાં આવેલ છે. આજે પણ આપના મઝારથી લોકો ફૈઝ હાંસિલ કરી રહ્યા છે. પોતાની દિલી મુરાદો પુરી કરી રહ્યા છે. આપની વફાત ૧૯ ઝીલકાદ હિજરી-૧૩૭૦ છે. ૨૨-૮-૧૯૫૧ શુક્રવારના રોજ થઈ હતી.

### હઝરત પીર સદરૂદીન બીન કુત્બુદીન ઉર્ફે પીરમિયાં

હઝરત પીર સદરૂદીન રહમતુલ્લાહ અલયહએ પોતાના વાલીદ પર કુત્બુદીન ઉર્ફે પીરમિયાં સાહેબથી ચિશતીયા, ફરીદીયા સિલસિલાથી ખિલાફત

મેળવી હતી. આપ ઘણા જ સાદગી પસંદ અને સાદા મિજાઝ બુઝુર્ગ હતા. ઘણા પાબંદ અને પરહેઝગાર હતા આપની ઔલાદમાં ૧ દિકરો મિયાં સાહબમિયાં નામે હતા અને ૩ દિકરીઓ હતી. (૧) લાડલીબીબી (૨) શરીફુન્નીશા અને (૩) કરીમુન્નીશાં ઉર્ફે કરીમાંબુ. હઝરત પીર સદરૂદ્દીન બાવાનો મઝાર અહમદાબાદમાં જમાલપુર દરવાજા બહાર બાવા લુઅલુઈ સાહેબના કબ્રસ્તાનમાં છે.

### હઝરત પીર બદરૂદ્દીનબીન કુત્બુદ્દીન ઉર્ફે પીરમિયાં ચિશ્તી, ફરીદી, ફાંરૂકી રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર બદરૂદ્દીન સાહેબ પીરકુત્બુદ્દીન ઉર્ફે પીરમિયાંના ફરઝંદ અને ખલીફા છે. આપ આલીમ અને આરીફ હતા. ઘણા જ ઈબાદત ગુજાર ચિલ્લાકશી કરનાર આબીદ અને ઝાહિદ હતા. પોતાના પૂર્વજોના માર્ગે ચાલ્યા ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ અને ભાલમાં આપના ઘણા મુરીદો હતા. સ્વભાવમાં જમાલ અને જલાલ બન્ને હતો. ઘાંચી સમાજ મોટા ભાગે આથી મુરીદ બન્યો હતો. આપે તવક્કલ વાળી દુરવેશાના ઝિંદગી ગુજારી છે. આપની ઔલાદમાં ૩(ત્રણ) દિકરા હતા (૧) બશીરૂદ્દીન (૨) તાજુદ્દીન (૩) ફતેઉલ્લાહ અને દિકરીઓ ચાર હતી (૧) બળી બીબી (૨) શરીફુન્નીશાં (૩) બીબી સાહેબ અને (૪) તમીઝુન્નીશાં. હઝરત પીર બદરૂદ્દીન બાવા સાહેબે ૧૭મી જમાદીઉલ આખરના રોજ આ નાશવંત જગતથી વિદાય લીધી આપનો મઝાર શરીફ અહમદાબાદમાં જમાલપુર દરવાજા બહાર બાબા લૂઅલુઈના કબ્રસ્તાનમાં છે. આપના મઝારની તદ્દન નજીક આપની અહેલીયા ઉમરાવ બેગમનો મઝાર આવેલ છે. તેમની વફાત તારીખ ૧૯ સફર, આપની વફાત ૧૭ જમા.આખર હી.સ.૧૩૭૧ અંગ્રેજી તા. ૨૭-૧૧-૧૯૬૧ હતી. આ કિતાબના સંપાદક સૈયદ દાદામિયાં કાદરી પીર બદરૂદ્દીન બાવા સાહેબના નવાસા (દોહિત્ર) થાય છે.

### હઝરત પીર બશીરૂદ્દીન ઈબ્ને પીર બદરૂદ્દીન રહમતુલ્લાહ અલયહ

પીર બશીરૂદ્દીન સાહેબ હઝરત પીર બદરૂદ્દીનના ફરઝંદ અને ખલીફા રૂહાની ગાદીવારસ હતા આપ ઘણા જ નેક, મુત્તકી, પરહેઝગાર, ખિદમતગુઝાર તબીયત ધરાવતા અનેક ગુણોના માલિક હતા. વલી સિફત હતા. પોતાના વાલિદથી જ રૂહાની તરબીયત પ્રાપ્ત કરી હતી. આપ યુવાનવયે વફાત પામ્યા હતા. આપની ઔલાદમાં ૩ પુત્રો અને ૨ પુત્રીઓ મુકતા ગયા

પુત્રોમાં (૧) શાહજીમિયાં (૨) ફરીદમિયાં (૩) નિઝામુદ્દીન અને પુત્રીઓમાં (૧) રફીઉન્નીશાં (૨) સાબેરાબીબી. આપના મઝારની પાસે આપની અહેલિયા હબીબુન્નીશાનો મઝાર છે. જેમની વફાત તારીખ ૫મી રબીઉલ અવ્વલ છે. હઝરત પીર બશીરૂદ્દીન ચિશ્તી ફરીદી રહમતુલ્લાહ અલયહનો મઝાર અહમદાબાદ જમાલપૂર દરવાજા બહાર બાબા લુઅલુઈના કબ્રસ્તાનમાં આવેલ છે. આપની વફાત ૯મી શાબાન તા.૧૧-૭-૧૯૪૫ હતી.

## હઝરત પીર તાજુદ્દીન ઈબ્ને પીર બદરૂદ્દીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

હઝરત તાજુદ્દીન બાવા પોતાના વાલિદ પીર બદરૂદ્દીનના મુરીદ અને ખલીફા હતા અરબી ફારસી અને ઉર્દુનું જ્ઞાન ધરાવતા હતા. આપે દીનની ખિદમતમાં ઝિંદગી પસાર કરી દીધી. આપના મુરીદોની સંખ્યા ભાલ, સૌરાષ્ટ્ર, મુંબઈ અને કરાંચીમાં પણ ઘણી હતી. વાઅઝ અને નશીહતથી કૌમની ઈસ્લાહ કરતા હતા. ભાલમાં જાંબુ ગામે આપનો કિયામ હતો ત્યાં અચાનક હૃદયરોગનો હુમલો થતાં આપ અલ્લાહને પ્યારા થઈ ગયા. આપનો મઝાર અહમદાબાદ જમાલપૂર દરવાજા બહાર બાબા લુઅલુઈના કબ્રસ્તાનમાં છે. આપના મઝારની પાસે આપની અહેલિયા ખૈરૂન્નીશાંનો મઝાર છે. આપની ઔલાદમાં ૨ દિકરા છે. (૧) નશીરૂદ્દીન (૨) મોઈનુદ્દીન અને એક દિકરી છે. જેમનું નામ ઝાહેદાબાનુ છે. આપની વફાત ૧૯મી રબીઉલ આખર તા.૧૯-૩-૧૯૭૯ હતી.

## હઝરત પીર ફતેહઉલ્લા ઈબ્ને પીર બદરૂદ્દીન ચીશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

પીર ફતેઉલ્લાહ બાપુ પીર બદરૂદ્દીન બાવાના ફરઝંદ અને મુરીદ તથા ખલીફા છે. આપ મઝજુબ પ્રકારના બુઝુર્ગ હતા લોકો આપને ગાંડા બાપુ તરીકે ઓળખે છે. પણ અનેક વખત જોવા મળ્યું છે કે, આપની જબાનથી નીકળી જતું હતુ થઈ જતુ હતું. આપની દુઆથી ઘણા મરીઝોને શિફા નસીબ થઈ છે. ઘણાના અટવાયેલા કામો પણ થઈ ગયાના દાખલા મૌજૂદ છે. પીર ફતેહઉલ્લાહબાવા મોટાભાગે દરગાહો અને કબ્રસ્તાનોની ઝિયારતે ખૂબ જતા હતા આપની આ ટેવ આખેરતની ફીકર બતાવે છે જે અલ્લાહના ખાસ બંદાઓની આદત હોય છે. આપની ઔલાદમાં એક દિકરો અને પાંચ દિકરીઓ છે દિકરાનું નામ મોઈનુદ્દીન છે. દિકરીઓમાં (૧) આબેદાબાનું (૨)

મુસર્રતબાનું (૩) જમીલાબાનું (૪) આરેફાબાનું (૫) રઈસાબાનું. હઝરત પીર ફતેહઉલ્લાહ.બાબાનો મઝાર અહમદાબાદમાં જમાલપૂર દરવાજા બહાર બાબા લુઅલુઈના કબ્રસ્તાનમાં આવેલ છે. આપની વફાત ૨૫ ઝીલકાદ હી.સ.૧૪૨૯ તા.૨૫-૧૧-૨૦૦૮ છે.

**હઝરત પીર મોઈનુદીન ઉર્ફે ફર્ઈખમિયાં**

**ઈબ્ને પીર શમ્સુદીન "શમ્સ" ચિશ્તી ફરીદી રહમતુલ્લાહ અલયહ**

હઝરતનું નામ મોઈનુદીન છે પણ આપ ફર્રૂખમિયાંના નામથી પ્રખ્યાત છે. આપને પોતાના વાલિદ પીર શમ્સુદીન શમ્સ ચિશ્તી સાહેબથી રૂહાની ફૈઝ પ્રાપ્ત થયો છે. આપ પોતાના વાલિદના મુરીદ અને ખલીફા છે. તાવીજ અને અમલીયાતથી આપ ઘણા દુઃખી લોકોના દુઃખ દર્દનો ઈલાજ કરતા હતા. આપની પાસે તકલીફઝદા લોકોની ભીડ રહેતી વાલિદ અને પીરની નઝરે કરમથી પીર ફર્રૂખમિયાં સાહેબનો મઝાર અહમદાબાદ જમાલપૂર દરવાજા બહાર બાવા લુઅલુઈ કબ્રસ્તાનમાં આવેલ છે. આપની વફાત ચાંદ ૩ રબીઉલ અવ્વલ હી.સ.૧૪૧૨ તા. ૨૪-૯-૧૯૯૦ સોમવાર છે.

**હઝરત પીર શાહજીમિયાં ઈબ્ને પીર બશીરૂદ્દીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ**

હઝરત પીર શાહજીમિયાં બાપુ પીર બશીરૂદ્દીનના મોટા ફરઝંદ હતા નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી બેઠા હતા એટલે દાદા પીર બદરૂદ્દીન બાપુની દેખરેખ નીચે આપનો ઉછેર થયો. ઉર્દુ, અરબી, ફારસી અને અંગ્રેજીનો ઉંડો અભ્યાસ કર્યોહતો. ઉલ્માઓની સોહબત અને કિતાબોના વાંચનના શોખે આપને આલીમ જેવા જ બનાવી દીધા હતા. કૌમની સુધારણા અને ખિદમતે ખલ્કની આપને ઘણી જ ફીકર રહેતી હતી દીની અને દુનિયાવી તાલીમ (શિક્ષણ) માટે આપ પોતાના મુરીદોમાં ખૂબ મહેનત કરતાં ઘણા ગામોમાં શાળાઓ અને મદ્રસાઓ ચાલુ કરાવ્યા હતા. અહમદાબાદ શહેરમાં રાહેખૈર ગર્લ્સ સ્કૂલ આપની જ મહેનત અને કોશીશથી બની છે તેમાં શંકાને સ્થાન નથી. આપ સારા વકતા પણ હતા ગરીબો, યતીમો, બેવાઓ, દર્દીઓને આપ મદદ કરતા હતા. આપની ઔલાદમાં એક દિકરો મોહંમદ ફાઝીલ છે અને એક દિકરી જેનું નામ હાફેઝા જમ્રાલ છે. ચાંદ ૨૭, રબીઉલઆખર હી.સ.૧૪૩૪ના રોજ આપ ઈન્તકાલ ફરમાવી ગયા આપની વસીયત મુજબ મુ.ચોટીલા (જી.સુરેન્દ્રનગર) ખાતે આપની દફનવિધિ થઈ આપના મઝાર

પર દરગાહ શરીફ બનાવવાનું કામ ચાલુ છે. આપની વફાત તા.૨૭, રબીઉલ આખર હિ.સ.૧૪૩૪.

**હઝરત પીર ફરીદમિયાં ઈબ્ને પીર બશીરૂદ્દીન. ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ**

પીર ફરીદમિયાં બાપુએ પીર શાહજીમિયાં બાપુના ભાઈ છે. ફરીદમિયા બાપુ પણ સોમો સલાતના પાબંદ હતા. મિલનસાર સ્વભાવ, હસમુખો ચહેરો ઉદાર દિલ, આપની આગવી ઓળખ હતી. આપની ઔલાદમાં એક પુત્ર મોહંમદફારૂક અને પુત્રી હીનાકૌસર છે. આપનો મઝાર અહમદાબાદ જમાલપુર દરવાજા બહાર બાબા લુઅલુઈ કબ્રસ્તાનમાં આવેલ છે. આપની વફાત ૨૨મી ઝિલકાદ હી.સ.૧૪૩૩ તા.૮-૧૧-૨૦૧૨ છે.

**હઝરતે પીર નિઝામુદ્દીન ઈબ્ને પીર બશીરૂદ્દીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ**

પીર નિઝામુદ્દીન બાપુ પણ પીર બશીરૂદ્દીનના સૌથી નાના ફરઝંદ છે. શાહજીમિયાં અને ફરીદમિયાંના ભાઈ છે. આપ પણ ખિદમત ગુજાર, સ્વભાવે ઘણા જ મિલનસાર, સખી અને ઈબાદત ગુજાર હતા. પીર નિઝામુદ્દીન બાપુની હયાતીમાં જ આપના મોટા દિકરા મોહમ્મદ ઈમરાન વફાત પામ્યા હતા. નિઝામુદ્દીનના નાના ફરઝંદનું નામ મોહમ્મદ તારીક છે. નિઝામુદ્દીન બાપુનો મઝાર પણ અહમદાબાદ જમાલપુર દરવાજા બહાર બાબા લુઅલુઈના કબ્રસ્તાનમાં જ છે. આપની વફાત ૨૭મી રમઝાનુલ મુબારક તા.૨૩-૧૧-૨૦૦૩ના રોજ થઈ.

**પીરઝાદા શમીમ અહેમદ ઈબ્ને ફર્રૂખમિયાં ચિશ્તી ફરીદી, ફારૂકી, રહમતુલ્લાહ અલયહ**

પીર શમ્સુદ્દીન 'શમ્સ' ચિશ્તી ફરીદીના પૌત્ર અને પીર ફર્રૂખમિયાના ફરઝંદ પીરઝાદા શમીમઅહેમદ મસ્ત તબીયતના પીરઝાદા હતા. પોતાની મિત્ર વર્તુળમાં ચાહના ધરાવતા હતા. હૃદયરોગના કારણે નાની ઉંમરમાં વફાત પામ્યા આપની ઔલાદમાં એક પુત્ર છે. જેમનું નામ મોહંમદસાલિમ છે. પીરઝાદા શમીમ બાપુનો મઝાર પણ અહમદાબાદ જમાલપુર દરવાજા બહાર બાબા લુઅલુઈ સાહેબના કબ્રસ્તાનમાં આવેલ છે. આપની વફાત ૨૯ મોહર્રમ હી.સ.૧૪૩૫ તા.૪-૧૨-૨૦૧૩ બુધવારે થઈ.

અહમદાબાદના ફરીદી પીરઝાદાઓ વિશે જે ત્રૂટક માહિતી પ્રાપ્ત થઈ તે

અહિંયા રજૂ કરી છે. હવે આ જ ખાનદાનના બીજા વિભાગ તરીકે વઢવાણ શહેરમાં વસતા ફરીદી પીરઝાદા સાહેબો વિશે જે અલ્પ માહિતી મળી છે. તે હવે પછી જોઈએ વઢવાણ-સુરેન્દ્રનગરના ફરીદી પીરઝાદાઓની આછી ઓળખ.

**વઢવાણના ફરીદી પીરઝાદાઓ**

**હઝરત પીર હિસામુદ્દીન ઈબ્ને પીર નિઝામુદ્દીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ**

પીર હિસામુદ્દીનના વાલિદ પીર નિઝામુદ્દીન ઉર્ફે નિઝામશાહ છે. અહમદાબાદ છોડીને ઝાલાવાડ તરફના મુરીદોની ઈસ્લાહ અને દીનની ખિદમત માટે આપ અહમદાબાદથી હિજરત ફરમાવી વઢવાણ આવીને સ્થાઈ થયા. પીરહિસામુદ્દીનની ઔલાદ આજ પર્યંત વઢવાણમાં મૌજૂદ છે. આપના એક દીકરા હતા જેમનું નામ નિઝામુદ્દીન છે. આ નિઝામુદ્દીનના ત્રણ દિકરા થયા (૧) પીર હિસામુદ્દીન (૨) પીર અમીરૂદ્દીન અને (૩) પીર રહીમુદ્દીન જેમાં (૧) પીર હિસામુદ્દીન બોટાદ ગયા અને પીર અમીરૂદ્દીન અને પીર રહીમુદ્દીન વઢવાણ જ રહ્યા. હઝરત પીર હિસામુદ્દીનની ઔલાદ પણ વઢવાણમાં જ રહે છે.

**હઝરત પીર મહેમૂદમિયાં ઈબ્ને પીર હિસામુદ્દીન**

હઝરત પીર મહેમૂદમિયા બીન પીર હિસામુદ્દીન બીન પીર નિઝામુદ્દીન બીન પીર હિસામુદ્દીન રહમતુલ્લાહ અલયહ આલીમે દીન, આરીફે બિલ્લાહ એક સારા વાએઝીન હતા ચિશ્તીયા ફરીદીયા સિલસિલાને વેગવંતુ કરવામાં આપની મહેનત દાદને પાત્ર રહી છે. ભાલ પ્રદેશ અને ઝાલાવાડમાં આપની લોકપ્રિયતા ઘણી જ હતી. આપ મોટા આબીદો - ઝાહીદ બુઝુર્ગ હતા કહેવાય છે કે લોકોને દીનની વાત આપ ગુજરાતી ભાષામાં સમજાવતા આપ તકરીર પણ ગુજરાતી ભાષામાં કરતા હોવાના કારણે ઘણા જ કામયાબ સાબીત થયા આપની ઔલાદમાં બે ફરઝંદ હતા (૧) પીર બાવા મિયાં અને (૨) પીર ફરીદમિયાં આપનો મઝાર ગામ રળોલ તા.લીંબડી (જી.) સુરેન્દ્રનગમાં છે. આપના મઝાર પર સુંદર ગુંબદ બનાવવામાં આવ્યો છે. ઝીલહજ્જ મહીનાની ત્રીજી તારીખ રળોલમાં આપનો શાનદાર ઉર્સ ઉજવાય છે. આપની વફાત ચાંદ ૩, ઝીલહજ્જ હી.સ.૧૩૮૨, તા.૨૮-૪-૧૯૬૩ રવિવાર છે.

### હઝરત પીર બાવામિયાં ઈબ્ને પીર મહેમૂદમિયાં ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર બાવામિયાં સાહેબ પીર મહેમૂદમિયાંના મોટા ફરઝંદ, આપના ખલીફા અને ગાદીનશીન છે. સ્વભાવે ખૂબ જ ઓછા બોલા. મુંકસેવક સમાન,સુફી તબીયતવાળા સાબીર અને શાકિર હતા. ઈબાદતમાં વધારે સમય આપતા હતા. ઉર્દુ, અરબી અને ફારસીના જાણકાર હતા. આપની પાસે દુઆ કરાવવા માટે દૂરદૂરથી લોકો આવતા અને ફૈઝયાબ થતા હતા. આપના અસંખ્ય લોકો મુરીદ હતા. આપના મુરીદોની માંગણી હોવાના કારણે લીંબડી તાલુકાના લક્ષ્મીસર ગામે આપને દફન કરવામાં આવ્યો આપના મઝાર પર શાનદાર રોઝો બાંધવામાં આવ્યો છે. આપની વફાત ચાંદ ૯ રમઝાન શરીફ છે. પણ પીરાને તરીકત, ઉલ્માએ કિરામ અને અવામ આપના ઉર્સ મુબારકના પ્રોગ્રામમાં ભાગ લઈ શકે તે માટે આપનો ઉર્સ ૨૫ શાબાનના રોજ શાનદાર રીતે ઉજવાય છે. હજારો લોકો મેળામાં ભેગા થાય છે. આજ હઝરત પીર બાવામિયાં રહમતુલ્લાહ અલયહની લોકચાહના અને આપની કરામત છે. આપની ઔલાદમાં એક ફરઝંદ હઝરત પીર અહેમદહુસૈન બાપુ છે. ચિશ્તીયા ફરીદીયા સિલસિલાની પીરી મુરીદી જારી છે અને ઈન્શાઅલ્લાહ જારી રહેશે. આપની વફાત ૯મી રમઝાન હી.સ.૧૪૧૫ તા.૧૦-૨-૧૯૯૫ જુમ્આ છે.

### હઝરત પીર ફરીદમિયાં ઈબ્ને પીર મહેમૂદમિયાં ચિશ્તી, ફરીદી, ફારૂકી, રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર ફરીદમિયાં સાહેબ પીર બાવામિયા સાહેબના નાનાભાઈ થાય છે. પીર ફરીદમિયાં બાપુને પણ પોતાના વાલિદ પીર મહેમૂદમિયાંથી ખિલાફત મળેલ છે. આપના પણ ઘણા મુરીદો છે. આપ સૌમો સલાતના પાબંદ-પરહેઝગાર હતા. આપની ઔલાદમાં ચાર દિકરા છે. (૧) નિઝામુદ્દીન (૨) મુર્તુઝામિયાં (૩) અબ્દુલહક (૪) નશીરૂલહક આપની વફાત ૧૨, ઝીલકાદ હી.સ.૧૪૧૬ તા.૧૭-૪-૧૯૯૫ છે. આપનો મઝાર વઢવાણ ભાદર કઠીયાં ઘાંચી જમાતના કબ્રસ્તાનમાં આવેલ છે.

### હઝરત પીર નથ્થુમિયાં ઈબ્ને પીર અમીરૂદ્દીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

હઝરત પીર નથ્થુમિયાં બાપુ મઝજુબ સીફત વલી હતા. આપની મસ્તી અને હાલ નિરાલો હતો. આપની જબાનથી નીકળતુ હતું તે થઈ જતું હતું


આપની એવી કરામતો ઘણી જ છે. હઝરત બાબા ફરીદ ગંજશકર રહમતુલ્લાહ અલયહની ઔલાદમાં સાલિકવલી અને મઝજુબવલી બન્ને જોવા મળે છે. હઝરત પીર નથ્થુમિયાં બાપુની ઔલાદમાં ત્રણ દિકરા છે. (૧) હાજી મિયાં (૨) મુસ્તુફામિયાં (૩) નિઝામુદીન આપની વફાત શાબાન મહીનાની છઠ્ઠી (૬) તારીખ છે.

### હઝરત પીર નુરૂદીન ઈબ્ને પીર રહીમુદીન ચિશ્તી, ફરીદી, ફારૂકી રહમતુલ્લાહ અલયહ

આપનું નામ પીર નુરૂદીન છે. આપના વાલિદ રહીમુદીન અને દાદા નિઝામુદીન છે. બાપ દાદા તરફથી સીના-બ-સીના મળી આવતી ખુફીયા નેઅમત આપ સુધી પહોંચી ગઈ. આપ વાલિદના રૂહાની ગાદીવારસ બન્યા પૂર્વજો તરફથી મળેલ તાલીમ પ્રમાણે પીરી-મુરીદીના માધ્યમથી દીની સેવા કરવા લાગ્યા. પીરનુરૂદીન બાપુ ઘણા જ સીધા-સાદા સુફી તબીયત ધરાવતા સાબીર બુઝુર્ગ હતા. આપની ઔલાદમાં એક ફરઝંદ છે. જે રહીમુદીન બાપુ ઉર્ફે બચુમિયા બાવાના નામથી પણ ખ્યાતિ ધરાવે છે. જેઓ હાલ સુરેન્દ્રનગરમાં રહે છે. આપની વફાત ૬ રજબ તા.૧૧-૧૦-૧૯૬૭ છે. આપનો મઝાર વઢવાણમાં ભાદર કઠીયા ઘાંચી જમાત કબ્રસ્તાનમાં આવેલ છે.

### પીરઝાદા મોહંમદ ઈમરાન પીર નિઝામુદીન ચિશ્તી ફરીદી

આપનું નામ **મોહંમદ ઈમરાન** છે. આપ હઝરત નિઝામુદીનના મોટા દિકરા છે. પીર બશીરૂદીનના પૌત્ર થાય છે. આપ યુવાન વયે ઈન્તકાલ ફરમાવી ગયા. આપનો મઝાર તેમના વાલીદ નિઝામુદીન બાવાના મઝાર પાસે અહમદઆબાદ બાવા લવલવીના કબ્રસ્તાનમાં આવેલ છે.



ફારૂકી
શજર-એ-નસબ
ફારૂકી વૃક્ષની, ફરીદી ડાળ પર,
બદરીયા રંગના ચિશ્તીયા ફૂલોની ફોરમ
હઝરત અમીરૂલ મો'મિનીન, ખલીફતુલ મુસ્લિમીન ઉમર બિન ખત્તાબ ફારૂકે આઝમ(રદિયલ્લાહો અન્હો)
હઝરત જમાલુદ્દીન સુલેમાન
હઝરત પીર નિઝામુદ્દીન ઉર્ફે નિઝામશાહ (રાયખડ, અહમદાબાદ)
હઝરત ફરીદુદ્દીન ઉર્ફે બળામિયાં
હઝરત બદરૂદ્દીન
હઝરત ફતેહઉલ્લાહ
હઝરત નિઝામુદ્દીન
હઝરત નથ્થુમિયાં



રોઝાએ અત્હર : પીર નિઝામુદ્દીન ઉર્ફે નિઝામ શાહ (અહમદાબાદ)



લહદ મુબારક : પીર મુઈનુદ્દીન ઉર્ફે દાદામિયાં (મુંબઈ)



કબ્રે અનવર : પીર ફરુખમિયા ઉર્ફ મુઇનુદ્દીન (અહમદાબાદ)



મઝારે પાક : શાઈરે ઇસ્લામ પીર શમ્સુદ્દીન 'શમ્સ' (રૂપાલ)



હઝરત શાહ મહમૂદમિયાં(રળોલ, તા.લીમડી)



હઝરત પીર બાવામિયાં(લક્ષ્મીસર તા.લીમડી)




હઝરત પીર કુત્બુદ્દીન ઉર્ફે પીરમિયાં
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર નૂરૂદ્દીન
(વઢવાણ સિટી)



હઝરત પીર સદરુદ્દીન
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર બદરૂદ્દીન
(બાવા લવલવી, અમદાવાદ)

# ગુલશને ફરીદી




હઝરત પીર બશીરૂદ્દીન
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર તાજુદ્દીન
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર ફતેઉલ્લાહ
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર ફરીદમિયાં
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીર નિઝામુદ્દીન
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીરઝાદા શમીમ અહમદ
(બાવા લવલવી, અમદાવાદ)



હઝરત પીરઝાદા મો. ઈમરાન
(બાવા લવલવી, અમદાવાદ)

# GULSHN-E-FARIDI

**EDITING BY**

PIR SAIYED HAJI DADAMIYA
SHAMSUDDIN "MUHIB" QADARI
AT. RUPAL TA.BAVLA
DIS.AHMEDABAD

**PUBLISH BY**

BAZM-E-CHISTY FARIDI
AHMEDABAD & VADHWAN